**આજનો સુવિચાર**

ક્ષમા આપવી એ ઉત્તમ છે, પણ ભૂલી જવું એ તેના કરતાંય વધુ ઉત્તમ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩૬ જૂનાગઢ તા.૨૩-૯-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 236, Junagadh : Date : 23 September, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# POK ખાલી કરો : યુનોમાં ભારતે પાક.ને સ્પષ્ટ જણાવી દીધું

યુનો, તા.૨૩ઃ ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને સ્પષ્ટ કહી દીધું છે કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. ભારતે કહ્યું કે ટેકનિકલ ગૂંચવણમાં ફસાઈ જવાને બદલે પાકિસ્તાને મુંબઈ આતંકી હુમલાના ગુનેગારો વિરુદ્ધ વિશ્વસનીય અને નક્કર કાર્યવાહી કરવી જોઈએ. આતંકવાદી હુમલાના ૧૫ વર્ષ બાદ પણ ભારત ન્યાયની રાહ જોઈ રહ્યું છે. આ સિવાય ભારતે દક્ષિણ એશિયામાં શાંતિ માટે પાકિસ્તાનને ત્રણ સલાહ આપી હતી. ભારતે આતંકવાદને રોકવા, જમ્મુ-કાશ્મીરના કબજા હેઠળના વિસ્તારને ખાલી કરવા અને લઘુમતી વસ્તી પર અત્યાચાર રોકવા માટે કહ્યું છે. ભારતના રાજદ્વારી પંતુલ ગેહલોતે પાકિસ્તાનને કબજે કરેલ વિસ્તાર ખાલી કરવા જણાવ્યું હતું. ભારતે કહ્યું કે કેન્દ્રશાસિત પ્રદેશના કબજા હેઠળના વિસ્તારને ખાલી કરવાની સાથે આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ. તેમણે ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના આરોપીઓને સજા આપવાની અપીલ કરી હતી. અગાઉ પાકિસ્તાને ભારત સામે ઝેર ઓકયું હતું. તેના પર ભારતે કહ્યું કે પાકિસ્તાન યુએન પ્લેટફોર્મનો દુરુપયોગ કરે છે.

પાકિસ્તાનના કાર્યવાહક વડાપ્રધાન અનવારુલ હક કાકરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાના ભાષણ દરમિયાન કાશ્મીરનું ગીત ગાયું છે. ભારતે પાકિસ્તાનને ઠપકો આપતા જવાબ આપ્યો હતો. પોતાના જવાબના અધિકારનો ઉપયોગ કરીને પંતુલ ગેહલોતે કહ્યું કે પાકિસ્તાનના કબજા હેઠળના ભારતીય વિસ્તારો ખાલી કરવા જોઈએ અને સીમાપાર આતંકવાદને રોકવો જોઈએ. તેમણે પાકિસ્તાનને પાકિસ્તાનમાં લઘુમતીઓ વિરુદ્ધ માનવાધિકારનું ઉલ્લંઘન બંધ કરવા પણ કહ્યું હતું. પંતુલ ગેહલોતે કહ્યું, દક્ષિણ એશિયામાં શાંતિ માટે પાકિસ્તાને ત્રણ પગલાં ભરવાની જરૂર છે. પ્રથમ, સીમા પારના આતંકવાદને રોકો અને તેના આતંકવાદના માળખાને તાત્કાલિક તોડી નાખો. બીજું, તેના ગેરકાયદે અને બળજબરીપૂર્વકના કબજા હેઠળના ભારતીય વિસ્તારોને ખાલી કરો. ત્રીજું, પાકિસ્તાન દ્વારા લઘુમતીઓ સામે ગંભીર અને સતત માનવ અધિકારોના ઉલ્લંઘનને રોકવામાં આવે પાકિસ્તાનને કાશ્મીર પર બોલવાનો કોઈ અધિકાર નથી.




# નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો શામેલ હોવાનાં કેનેડા પાસે કોલ રેકોર્ડીંગ હોવાનો ટ્રુડોનો દાવો

ઓટાવા તા. ૨૩ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ફરી ભારત પર ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે. ઓટાવામાં મીડિયા સાથે વાત કરતાં ટ્રૂડોએ કહ્યું હતું કે તેમણે થોડા અઠવાડિયાં પહેલાં જ ભારત સરકાર સાથે આ પુરાવા શેર કર્યા હતા. અમે ઈચ્છીએ છીએ કે દિલ્હી અમને તપાસમાં સહકાર આપે. તેમણે કહ્યું હતું કે અમને આશા છે કે તેઓ અમારી સાથે જોડાશે, જેથી આ ખૂબ જ ગંભીર મામલાના મૂળ સુધી પહોંચી શકાય. જોકે તેમણે એવું જણાવ્યું નથી કે પુરાવા તરીકે ભારતને શું-શું મોકલ્યું છે.

કેનેડાના વડાપ્રધાન ટ્રૂડોએ કહ્યું- જેવું મેં સોમવારે કહ્યું હતું, અમારી પાસે એ માનવા માટેનાં જરૂરી કારણો છે કે ભારત સરકારના એજન્ટો અમારી ધરતી પર એક કેનેડિયનની હત્યામાં સામેલ હતા. આ એક ગંભીર બાબત છે. ખાસ કરીને એવા દેશ માટે, જ્યાં કાયદાનું શાસન છે. કેનેડામાં આંતરરાષ્ટ્રીય નિયમો પર આધારિત સિસ્ટમ છે. અમે આ બાબતની સત્યતા સુધી પહોંચવા માટે ભારત સરકાર પાસેથી સહકારની અપીલ કરીએ છીએ.

## ભારત - કેનેડા વિવાદની પ્રતિકુળ અસર : લગ્નનાં આયોજનો ખોરવાયા

મુંબઈ, તા.૨૩ઃ બે દેશો વચ્ચે જ્યારે કોઈ વિવાદ થાય અને સંબંધો બગડે ત્યારે તેની કેટલી વ્યાપક અસર પડતી હોય છે તે તાજેતરના ભારત-કેનેડા વિવાદમાં જોવા મળ્યું છે. બંને દેશોએ એકબીજાના ડિપ્લોમેટની છટણી કરી છે અને હવે વિઝા પર નિયંત્રણ મુક્યા છે. તેના કારણે ભારતીય સ્ટુડન્ટ્સ, વેપારીઓ, કંપનીઓ, પ્રવાસીઓ અને પરિવારો પણ પરેશાન છે. ભારતે કેનેડાના લોકોને વિઝા આપવાનું સાવ અટકાવી દીધું છે તેના કારણે આગામી દિવસોમાં લગ્ન પ્રસંગ માટે વિદેશથી મહેમાનો આવવાના હોય અથવા કોઈ ભારત ફરવા આવવાનું હોય તેમની તકલીફો વધી ગઈ છે.


## ૬૧ ટકા શહેરી બાળકોમાં ઓનલાઈન ગેમીંગ, સોશિયલ મીડીયાનું અત્યંત ગંભીર વ્યસન : સર્વે

નવી દિલ્હી, તા.૨૩ઃ સર્વેક્ષણમાં સામેલ ૭૩ ટકા શહેરી ભારતીય માતા-પિતા ઈચ્છે છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો જ્યારે સોશિયલ મીડિયા OTT ,વિડીયો અને ઑનલાઈન ગેમિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે ત્યારે તેમના માટે ફરજિયાત પેરેંટલ સંમતિ સુનિશ્ચત કરવા માટે ડેટા સુરક્ષા કાયદા ઘડવામાં આવે. લોકલ સર્કલ્સના સર્વે મુજબ, સર્વેમાં મોટાભાગના શહેરી માતા-પિતાએ જણાવ્યું હતું કે તેમના બાળકો સોશિયલ મીડિયા, OTT અને ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મના વ્યસની છે, જ્યારે દર ત્રણમાંથી એક એ સ્વીકાર્યું હતું કે ઓનલાઈન વ્યસન અને ગેમિંગનું વ્યસન બાળકોને આક્રમક, અત્યંત સુસ્ત અને કેટલાક કિસ્સાઓમાં તો હતાશ બનાવે છે. સર્વેમાં સામેલ ૭૩ ટકા શહેરી માતા-પિતા ઈચ્છે છે કે ડેટા સુરક્ષા કાયદો એ બાબત સુનિશ્ચિત કરે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો જ્યારે સોશિયલ મીડિયા, OTT વિડીયો અને ઑનલાઈન ગેમિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે ત્યારે તેમના માટે ફરજિયાત પેરેંટલ સંમતિ સુનિશ્ચત કરવામાં આવે.

## કચ્છ નજીક સીસ્ટમ સક્રીય થઈ : આગામી બે દિવસ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

અમદાવાદ તા. ૨૩ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી અસહ્ય બફારાનું પ્રમાણ વધ્યું છે. ત્યારે ખેડૂતો માટે સારા સમાચાર એ છે કે, ગુજરાતમાં બે દિવસ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે વડોદરા, દાહોદ, પંચમહાલ, બનાસકાંઠામાં મેઘરાજા બઘડાટી બોલાવે તેવી શક્યતા છે. પાકિસ્તાન અને કચ્છને અડીને એક સિસ્ટમ સક્રિય થઈ છે જેની અસર ગુજરાત ઉપર જોવા મળશે. સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં પણ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ અમદાવાદ અને ગાંધીનગરમાં પણ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ બંગાળની ખાડીમાં હાલ સાયકલોનિક સર્ક્યુલેશન બની ગયું હતું અને હવે તે લો-પ્રેશર એરિયામાં ફેરવાઈ જશે.


**ખોડલધામ ટુર**



સ્લીપર કોચ

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જ્યોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે
વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**





**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શું આપ એક દિવી -બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

**જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...**

**આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજ્જ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે**

**વહેલા તે પહેલાનાં ધોરણે**
**તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?**
**બુકીંગ ચાલુ છે**

**સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**
**જૂનાગઢ**



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪





# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીએ કૃષિ શિક્ષણ અને સંશોધનમાં ભાગીદારી માટે એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા



જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીએ આઈ.સી.એ.આર. પુરસ્કૃત રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમ-આઈ.ડી.પી. યોજના હેઠળવેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, સિડની, ઓસ્ટ્રેલિયા સાથે તા.૧૮-૯-૨૦૨૩ ના રોજ ન્યુ દિલ્હી ખાતે એક સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ કરારનો હેતુ કૃષિ ક્ષેત્રે શૈક્ષણિક અને સંશોધન પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો છે અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્નાતક, અનુસ્નાતક અને પીએચડી વિદ્યાર્થીઓ માટે ડ્યુઅલ ડિગ્રી પ્રોગ્રામ શરૂ કરવાનો છે. દુનિયાની અલગ અલગ બાજુઓ પરની બે પ્રતિષ્ઠિત સંસ્થાઓની આ સીમાચિહ્નરૂપ ભાગીદારી વિવિધ કૌશલ્યો અને પરિપ્રેક્ષ્યોથી સજ્જ નવી પેઢીને વિકસિત કરશે તથા આ સંયુક્ત પહેલ દ્વારા વિદ્યાર્થીઓને એક વ્યાપક અને સર્વગ્રાહી શૈક્ષણિક અનુભવનો લાભ મળશે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. વી. પી. ચોવટીયાએ સહયોગી પ્રયાસ માટે ઉત્સાહ વ્યકત કરતા જણાવ્યું હતું કે, "આ એમઓયુ કૃષિ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રે એક નોંધપાત્ર છલાંગ છે અને જેના કારણે અમારા વિદ્યાર્થીઓ માટે વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી જેવી જાણીતી સંસ્થામાંથી આંતરરાષ્ટ્રીય સંપર્ક અને જ્ઞાન મેળવવા માટેની તક પૂરી પાડશે તથા ડ્યુઅલ ડિગ્રીનો ફાયદો થશે".આ ભાગીદારી એ શૈક્ષણિક લાભો ઉપરાંત, કૃષિ વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધોને મજબૂત કરીને આંતરરાષ્ટ્રીય સહકાર અને પરસ્પર સમજણની ભાવનાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે. આ સમારોહમાં વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીના કુલપતિ પ્રો. બારને ગ્લોવર અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. વી. પી. ચોવટીયા ઉપરાંત કુલસચિવ ડો.પી.એમ. ચૌહાણ અને નિયામક (આઈ.ટી.) ડો. કે.સી. પટેલે હાજરી આપી હતી.

# કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાને જૂનાગઢ જીલ્લામાં પ્રાકૃતિક ખેતિની મુહીમને આગળ વધારવામાં મળી રહ્યો છે ઉત્સાહવર્ધક પ્રતિસાદ

## હવે સાસણ ખાતેની હોટેલ્સના મેન્યુમાં જોવા મળશે પ્રાકૃતિક ખેત પેદાશમાંથી બનેલ ભોજન-વાનગીઓ





જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને વેગ મળે અને તેનો વ્યાપ વધે તે માટે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના પ્રયાસોને ઉત્સાહવર્ધક પ્રતિસાદ સાપડી રહ્યો છે.

કલેક્ટરની અધ્યક્ષતામાં સાસણ ખાતેની એક ખાનગી હોટલમાં હોટેલ એસોસિએશનના હોદ્દેદારો, પ્રાકૃતિક ખેતી કરતા અગ્રગણ્ય ખેડૂતો અને આત્મા-ખેતીવાડીના અધિકારીઓ બેઠકમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. જે મુજબસાસણમાં આવેલી હોટલ્સના મેન્યુમાં હવે પ્રાકૃતિક ખેત પેદાશમાં બનાવેલ ભોજન અને આહાર-વાનગીઓ જોવા મળશે. એટલે કે, સાસણના હોટેલ એસોસિએશનના હોદ્દેદારો પ્રાકૃતિક ખેતપેદાશમાંથી બનતુ ભોજન હોટલમાં રાખવા માટે સહમત થયા છે. ઉપરાંત હોટલમાં પ્રાકૃતિક ખેતપેદાશના વેચાણ માટે એક શોપ પણ ઉભી કરવામાં આવશે. જેથી પ્રવાસીઓ પ્રાકૃતિક ખેતપેદાશની ખરીદી પણ કરી શકે. આ બેઠકમાં વધુમાં એગ્રો ટુરીઝમને વેગ મળે તે માટે હોટેલમાં આવતા પ્રવાસીઓને પ્રાકૃતિક ખેતીના મોડેલ ફોર્મ બતાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે.

આમ, કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે જરૂરી પ્રયાસ હાથ ધર્યા છે, તેને સફળતા પણ મળી રહી છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, હોટલ એસોસિએશનના પ્રમુખ હમીરભાઈ બારડ, દેવશીભાઈ ચાંદેરા, આત્માના પ્રોજેકટ ડાયરેક્ટર ડી.જી. રાઠોડ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. હાર્દિક લાખાણી, પ્રાકૃતિક ખેતી કરતા અગ્રણી ખેડૂત હિતેશભાઈ દોમડીયા, હઠીસિંહ સિસોદિયા, ભરતભાઈ કમાણી અને ફાર્મસ પ્રોડ્યુસર કંપની (એફપીઓ)ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ખડાક ચડાણ એડવેન્ચર કોર્સમાં જોડાવાની ઉમદા તક

જૂનાગઢ, તા.૨૩

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સ નું આયોજન તા.૩/૧૧/૨૦૨૩ થી તા. ૯/૧૧/૨૦૨૩ સુધી સંપૂર્ણ સહકારી ખર્ચે જૂનાગઢ ખાતે થનાર છે. આ કોર્સમાં વય મર્યાદા ૮થી ૧૩ વર્ષ, સમયગાળો ૭ દિવસ રહેશે.શિબિરાર્થીઓ તા.૩/૧૧/૨૦૧૫ થી તા.૩/૧૧/૨૦૧૯ની વચ્ચે જન્મેલા હોવા જોઈએ, તે સિવાયના શિબિરાર્થીઓનું અરજી ફોર્મ માન્ય ગણાશે નહીં. આ અંગેનું નિયત ફોર્મ ફેસબુક પેજઃ SVIM ADMINISTRATION ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજીફોર્મ જરૂરી પુરાવા સાથે તા.૯/૧૦/૨૦૨૩ સુધીમાં પંડિતદિન દયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, લાખા કોઠા, ભવનાથ, જૂનાગઢ - ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. વધુમાં અધૂરી વિગતવાળા ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહીં. વધુ માહિતી માટે ઓફિસ નંબર ૦૨૮૫- ૨૬૨૭૨૨૮ ઉપર સંપર્ક કરવા ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ પંડિત દિન દયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ જીલ્લાના શાળાકીય વિદ્યાર્થીઓ માટે ક્રિકેટમાં હુનર બતાવવાની તક

## તા.૨૫મી સપ્ટેમ્બરે જીલ્લાના ગ્રામ્ય અને તા.૨૬મીએ જૂનાગઢ શહેરના વિદ્યાર્થીઓ માટે સીઝન ક્રિકેટ સ્પર્ધાના સિલેક્શન ટ્રાયલઃ એન્ટ્રી નોંધાવવી

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લાના શાળાકીય વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે લોકપ્રિય રમત ક્રિકેટમાં હુન્નર બતાવવાની તક છે. આ માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા તા.૨૫મી સપ્ટેમ્બરે જિલ્લાના ગ્રામ્ય અને તા.૨૬મીએ જૂનાગઢ શહેરના વિદ્યાર્થીઓ માટે ૬૭મીજીએફઆઈ શાળાકીય સીઝન ક્રિકેટ સ્પર્ધાના સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રાયલ જૂનાગઢના ગાંધી ચોક ખાતેના જિલ્લા પંચાયત સ્પોર્ટ્સ કલબમાં આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ભાગ લેવા માંગતી શાળાઓ દ્વારા ખેલાડીઓની એન્ટ્રી તા.૨૪-૯-૨૦૨૩ના સાંજના ૦૬ કલાક સુધીમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીગ્રામ ખાતે ફરજિયાત જમા કરાવવાની રહેશે. અન્યથા ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહીં વધુ માહિતી માટે મો.૭૮૫૯૯૪૬૯૮૪ પર સંપર્ક કરવાનો રહેશે.

# વિઘ્નહર્તા સુખકર્તા ગણરાયા નમો નમઃ

**વક્રતુંડ મહાકાય સૂર્ય કોટિ સમપ્રભ, નિર્વિઘ્ન કુરૂ મે દેવં સર્વ કાર્યેષુ સર્વદા**

ઉપરોક્ત સંસ્કૃત શ્લોક ગણપતી દાદાની વિશિષ્ટ સ્તુતિ અંગેની ઝાંખી કરાવે છે. વક્ર તુંડ એટલે વાંકી સૂંઢવાળા, જેમના મુખારવિંદ પર કરોડો સૂર્યનું તેજ દીપે છે એવા તેજસ્વી, હે ગણપતિ બાપા મારા તમામ શુભ કાર્યમાં આપ નિર્વિઘ્નં (કોઈપણ પ્રકારની અડચણ, અવરોધ કે મુસીબત) વગર હેમખેમ પૂર્ણ કરો.

આપણે જ્યારે પણ ઘરમાં, દુકાનમાં કે ઉદ્યોગ ધંધામાં કે ઘરનાં શુભ પ્રસંગે સૌ પ્રથમ ગણપતિ બાપાની પૂજા અર્ચના કરીએ છીએ. ગણપતિની પૂજા અને કૃપા વગર કોઈ પણ કાર્ય નિર્વિઘ્ને સિદ્ધ થતું નથી. આપણાં કોઈ પણ કાર્યમાં વિઘ્ન કે નડતર ન આવે તે હેતુથી આપણે સૌ પ્રથમ ગણપતિ બાપાની પૂજા કરીએ છીએ. ગણપતિના આમ તો ઘણાં બધાં નામો છે જેવાકે ગણનાયક, ગણરાજ, ગણરાય, ધુમ્રકેતુ વિગેરે, પરંતુ આ ઉપરાંત એમનાં બીજા અનેકવિધ નામો છે જે નીચે મુજબ છે.

દુંદાળા દેવ : ગણપતિની ફાંદ એકદમ બહાર દેખાય છે એથી દુંદાળા દેવ તરીકે ઓળખાય છે.

મહાકાય : એમની કાયા બહું વિશાળ અને ઘણી મોટી હોવાથી તેઓ મહાકાય તરીકે ઓળખાય છે.

ગજકર્ણ : એમના કાન હાથીના જેવાં મોટાં હોવાથી ગજકર્ણ તરીકે ઓળખાય છે.

સુરેશ : દરેક દેવોમાં શ્રેષ્ઠ હોવાથી સુરેશ કે સુરેશ્વર તરીકે ઓળખાય છે.

એકદંત : પરશુરામ મુનિ સામેના યુદ્ધમાં એક દાંત ખંડિત થયો હોવાથી તેઓ એકદંત તરીકે ઓળખાય છે.

લંબોદર : લાંબી સૂંઢ હોવાનાં કારણે લંબોદર કહેવાય છે.

પાર્વતીનંદન : પાર્વતીજી ના પુત્ર હોવાને કારણે પાર્વતી નંદન કહેવાયા.

કહેવાય છે કે ગણપતિને રિદ્ધિ અને સિદ્ધિ નામની બે પત્નીઓ હતી એથી ગણપતિને રિદ્ધિ સિદ્ધિના સ્વામી તરીકે ઓળખવામાં આવે છે. મોટાભાગે ડાબી સૂંઢના જ ગણપતિની મૂર્તિઓ તથા ફોટા જોવા મળે છે, પરંતુ જમણી સૂંઢના ગણપતિ સારું ફળ આપે છે એવી લોકવાયકા છે. ગણોના ઈશ (દેવતા) હોવાને કારણે ગણેશજી તરીકે પણ ઓળખાય છે. એમનાં પુત્રો શુભ અને લાભ જે આપણા ચોઘડિયાંમાં સ્થાન પામ્યા છે. ગણપતિજીએ મૂષક જેવા તુચ્છ પ્રાણીને પણ પોતાનું વાહન બનાવ્યું છે. ગણપતિજીએ શ્રી વેદ વ્યાસ જેવા મહાભારતના રચયિતાના સ્ટેનોગ્રાફર તરીકેની સેવા પણ બજાવેલી છે. ગણેશ ચતુર્થીના દિવસે ભાવિક ભક્તો ગણપતિની સ્થાપના કરીને એમની પૂજા અર્ચના કરીને ધન્ય બને છે.

- યોગેશભાઈ આર.જોશી (હાલોલ)

# એફઆઈએએપૂર્વ ગુજરાતમાં તેના બિઝનેસ કોરસપોન્ડન્ટ એજન્ટ નેટવર્કને મજબૂત બનાવ્યું

અમદાવાદઃ ૨૨

ભારતની અગ્રણી સોશિયલ ઈમ્પેક્ટ ફિનટેક એફઆઈએ ગ્લોબલે બેંકિંગ પ્રોડક્ટ્સ અને સર્વિસીઝની ડિલિવરી દ્વારા ઉદ્યોગસાહસિકતા અને નાણાંકીય સ્થિતિને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક સમુદાયોને સશક્ત કરવા માટે ૧,૫૦૦ બીસી/ બેંકિંગ એજન્ટો સાથે હાથ મિલાવ્યા છે.

૨૦૧૨માં સ્થપાયેલ એક સોશિયલ ઈમ્પેક્ટ ફિનટેક એવી એફઆઈએ ગ્લોબલેસમગ્ર ભારતમાં વંચિત સમુદાયોને બેંકિંગ સર્વિસીઝની ટેકનોલોજી-સક્ષમ લાસ્ટ માઈલ ડિલિવરી પ્રદાન કરે છે. બેંક ખાતા ખોલવાથી માંડીનેઉપાડ, લોન દ્વારા ક્રેડિટ મેળવવી, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, સોશિયલ સિક્યોરિટી સ્કીમ્સમાં રોકાણ અને માઈગ્રન્ટ રેમિટન્સ સુધીની સુવિધા માટેએફઆઈએના એજન્ટો સુવિધાઓથી વંચિત લોકો માટે બીજી અનેક સેવાઓ પૂરી પાડવામાં મદદ કરે છે. એફઆઈએ ગ્લોબલના એઆઈ-સંચાલિત ડિજિટલ સોલ્યુશન્સ નાણાંકીય સાક્ષરતા, આઉટરીચ અને બેંકિંગ પ્રોડક્ટ્સ તથા સર્વિસીઝના વિતરણના અવરોધોને દૂર કરે છે જે ફિઝિકલ બ્રીક-એન્ડ-મોર્ટાર બ્રાન્ચ તથા તેના ગ્રાહકો વચ્ચેના અંતરને દૂર કરે છે. પૂર્વ ગુજરાતમાં જેમ કે સુરત, વડોદરા, જૂનાગઢ અને રાજકોટમાં, એફઆઈએ ગ્લોબલે ગ્રામીણ સમુદાયોમાં બિઝનેસ કોરોસ્પોન્ડન્ટ તરીકે લગભગ ૧,૫૦૦ લોકોને રોજગારી પૂરી પાડી છે, જેઓ તેમના સમુદાયોને આર્થિક સ્થિરતા અને સલામતી ઊભી કરીને કરિયાણા સ્ટોર્સની સ્થાપના કરવામાં મદદ કરી શક્યા છે. આ એજન્ટો આ જિલ્લાઓમાંથી આવેલા હોવાથી, પરિચિતતાની ભાવનાથી તેઓ વિશ્વાસ અને વિશ્વસનીયતા ઊભા કરી શકે છે, નાણાંકીય જાગૃતિને મજબૂત બનાવે છે, યોગ્ય ઉકેલો અને સહાય પૂરી પાડે છે તથા તેમને રેમિટન્સ, યુટિલિટી બિલ પેમેન્ટ તથા અન્ય વ્યવહારો સહિત તમામ બેંકિંગ સંબંધિત વ્યવહારો માટે જાણકાર નાણાંકીય સલાહકાર બનાવે છે. નાણાંકીય સમાવેશને દરેક ઘર સુધી પહોંચાડવાના તેના મિશનને પરિપૂર્ણ કરવા માટે, એફઆઈએ ગ્લોબલ આજીવિકાની તકોનું સર્જન કરી રહી છે અને નાણાંકીય સેવાઓ પૂરી પાડવા સાથે મોટા ગ્રામીણ સમુદાયોને અસર કરી રહ્યું છે, જે એકંદરે નાણાંકીય સુખાકારી તરફ દોરી જાય છે.

# માંગરોળમાં સુવિધાના અભાવે આધારકાર્ડ કાઢવા માટે લોકોને પડતી મુશ્કેલી

## લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા આમ આદમીની રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૩

માંગરોળ શહેર અને તાલુકાની પ્રજાને આધારકાર્ડ લગત કામગીરી માટે અપુરતી વ્યવસ્થાને કારણે ધકકાઓખાવા પડે છે અનેક વખતની રજૂઆતો છતા નિદ્રાધીન તંત્ર દ્વારા હજુ સુધી કોઈ વ્યવસ્થામાં વધારો કરવામાં આવ્યમ નથી. આધારકાર્ડની કામગીરી માટે કીટની સંખ્યા વધારવા આમ આદમીપાર્ટી માંગરોળ એકમ દ્વારા મામલતદાર માંગરોળ ને રૂબરૂ મુલાકાત કરી લેખીત રજુઆત કરવામાં આવી છે.

માંગરોળમાં આધારકાર્ડ લગત કામગીરી માટે જૂની મામલતદાર કચેરી, એસબીઆઈ ટાવર રોડ શાખા, મેઈન પોસ્ટ ઓફિસ અનેપાંચ વર્ષથી નીચેના બાળકો માટે આંગણવાડી કચેરી ખાતે મળી ચાર શાખા કાર્યરત છે જેમાં દરરોજ સીત્તેર જેટલા આધારકાર્ડનીકામગીરી થાયછે. જ્યા ટોકન માટે શહેર અને તાલુકાના લોકો સવારના છ વાગ્યાથી ક્તાર લગાવે છેજેમાંથી દરેક કેન્દ્ર પંદર જેટલા ટોકન આપવામાંઆવે છે. બાકીના લોકો ને સુવિધાના અભાવે પરત જવું પડે છે.

આ રોજનો ક્રમ હોય લોકોને પડતી હાલાકી દુર કરવા દરેક સેન્ટર માં આધાર કાર્ડ ની કામગીરી માટે ની કીટોની સંખ્યા વધારવા માટેઆમ આદમી પાર્ટી માંગરોળ એકમ દ્વારા માંગરોળ મામલતદાર કચેરી ખાતે લેખીત રજુઆત કરી હતી.



આ ભેળસેળીયા ઘી વાળા લાડુ ન આરોગતા પ્રભુ, આરોગ્યની સમસ્યા થશે !



પ્રભુ નેતાજી છે, પોતે પ્રજા માટે વિઘ્નરૂપ છે અને તમારી પાસે પોતાના વિઘ્ન દુર કરવાની પ્રાર્થના કરવા આવ્યા છે !



હવે જુગાર રમવાનું બંધ કરો, શ્રાવણ માસ પુરો થઈ ગયો કે યુધિષ્ઠીરની જેમ મનેય દાવમાં મુકી દેવાનો પ્લાન છે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સ્વતંત્રતાનો અર્થ સ્વછંદતા ક્યારેય ન હોય શકે

ભારતપોતાની આઝાદીનો અમૃતકાળ ઉજવી રહ્યુંછે, પરંતુ આપણા રાજનેતાઅને વિભિન્ન ધર્મોસાથે જોડાયેલ ધર્મગુરૂ, મૌલવી અને પાદરી ધાર્મિક અને જાતિગત મુદ્દા પર ઝેર પાયેલાં તીર છોડી રહ્યા છે, જેનાથી અસહિષ્ણુતાને જ બળ મળી રહ્યું છે. દેશમાં વધતી અસહિષ્ણુ મુદ્દે સુપ્રીમ કોર્ટે આ જ વર્ષે એપ્રિલમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને નફરતી ભાષણ એટલે કે 'હેટ સ્પીચ' આપનારા વિરૂધ્ધ સખ્તાઈ રાખવા અને તરત એફઆઈઆરનો નિર્દેશ આપ્યો હતો. સરકારો દ્વારા સુપ્રીમ કોર્ટની આ સલાહો પર કોઈ અમલ ન થયો, કે ના સુપ્રીમ કોર્ટે જાતે આ ઘટનાઓની નોંધ લીધી! હાલમાં જ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના પુત્ર અને મંત્રી ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના મચ્છર, મેલેરિયા, ડેંગ્યુ અને કોરોના મહામારી સાથે કરતાં તેને ખતમ કરવા બાબતનું વાંધાજનક નિવેદન આપ્યું.

ડીએમકેના નેતાઓની બદજુબાન અહીં જ ન અટકી, બલ્ક સ્ટાલિનની જ પાર્ટીના સાંસદ અને ટુજી કૌભાંડમાં ખરડાયેલા અને જેલની હવા ખાઈ આવેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી એ.રાજાએ સનાતન ધર્મને કુષ્ઠ અને એઈડ્સ ગણાવી દીધો. તેમણે એમ પણ કહ્યું કે સનાતનથી દુનિયાને ખતરો છે. ઉલ્લેખનીય છે કે ડીએમકે વિપક્ષી દળોના ગઠબંધન આઈએનડીઆઈએનું મહત્ત્વનો ઘટક છે, જેઓ નરેન્દ્ર મોદીને સત્તામાંથી દૂર કરવા ભેગા થયા છે. ડીએમકે નેતાઓના બફાટને કારણે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષોને શું બોલવું તેની સમજ નથી પડતી. એક તરફ ગઠબંધનના મુખ્ય નેતા રાહુલ ગાંધી દેશ-દુનિયામાં ફરી ફરીને 'મોહબ્બતની દુકાન' ખોલવાનાં બણગાં ફૂંકતા ફરે છે અને તેમના સહયોગીઓ નફરતનો સામાન વેચી રહ્યા છે.

આવાં નિવેદનોથી ભાજપને બેઠાં બેઠાં 'ધાર્મિક ધ્રુવીકરણ'નું રાજકીય હથિયાર મળી ગયું છે. હવે ભાજપી નેતાઓ આ નિવેદનો મુદ્દે વિપક્ષી ગઠબંધન અને કોંગ્રેસને સાણસામાં લઈ રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે રાજનીતિ અને ધર્મ બંને અલગ-અલગ ચીજ છે, તેની ભેળસેળની જરૂર નથી. તેઓ આવી સલાહ ભલે આપે, પરંતુ એ સત્ય છે કે મોટાભાગની ચૂંટણીઓમાં રાજકીય પક્ષો મતદારોને ધર્મ અને જાતિની ચાસણીમાં લપેટેલી રેસિપી જ પીરસી રહ્યા છે. રાજકીય પક્ષોની યેનકેન પ્રકારે સત્તા મેળવવાની રણનીતિને કારણે દેશમાં હાલમાં ધર્મ અને જાતિની રાજનીતિ હાવી છે, પરિણામે અશિક્ષા, બીમારી, મોંઘવારી, બેરોજગારી અને ગરીબી જેવા બુનિયાદી મુદ્દા હાંશિયામાં ધકેલાઈ જાય છે. આપણા રાજનેતાઓ અને ધર્મગુરુઓ માત્ર ધર્મ અને મજહબના નામે જ વિષવમન નથી કરતા, બલ્કે તેઓ પરસ્પર વિરોધી નેતાઓ વિશે પણ હલકી ટિપ્પણીઓ કરે છે, જેને સભ્ય સમાજમાં સ્વીકાર ન કરી શકાય.

અસલમાં સમાજમાં અસહનશીલતા અને અસહમતિને નકારવાની પ્રવૃત્તિ એટલી વધી રહી છે કે દરેક ધર્મ પોતાના મૂળથી જ ભટકવા લાગ્યો છે, જ્યારે તમામ ધર્મોનું મૂળ વિશ્વશાંતિ અને માનવ કલ્યાણ છે. અલબત્ત રાજનેતાઓ દ્વારા ચૂંટણી અભિયાનથી માંડીને સંસદ, સદન અને સડકો પર જે રીતે પોતાના વિરોધીઓ પર હલકી ટિપ્પણીઓ કરાઈ રહી છે તેનાથી એ જ પ્રતીત થાય છે કે ભલે દેશને સ્વતંત્ર થયે પંચોતેર વર્ષ થઈ ગયાં, પરંતુ આ વૃધ્ધ લોકતંત્રમાં રાજકારણ હજુ પણ પરિપક્વ નથી થયું.

દેશમાં ચાલતા ધાર્મિક કટ્ટરવાદ અને નફરતને સોશ્યલ મીડિયા ખૂબ હવા આપી રહ્યું છે. અભિવ્યક્તિની આઝાદીના નામે આ મીડિયામાં ગમે તે લખવામાં, બોલવામાં કે દેખાડવામાં આવે છે. સોશ્યલ મીડિયા આજે સામાન્ય જિંદગીનો હિસ્સો બની ગયું છે. જેની સાથે તમામ ઉંમર અને લિંગના લોકો જોડાયેલા છે. મુશ્કેલી એ છે કે યુઝર્સ કોઈ સમાચારની સત્યતા પરખ્યા વિના તેને આગળ પહોંચાડી રહ્યા છે, જે સમાજમાં અનેક વિસંગતિઓ પેદા કરી રહ્યું છે. સોશ્યલ મીડિયાની આ તાકાત અને ફેલાવાને કારણે રાજકીય પક્ષો અને ધાર્મિક સંગઠનો માટે આ માધ્યમ પોતાના એજન્ડાને આગળ વધારવાનું સૌથી સશક્ત માધ્યમ બની ગયું છે. ચિંતાજનક એ છે કે સોશ્યલ મીડિયા પર નિયંત્રણ અને નિયમન માટે પ્રભાવી કાયદાના અભાવને કારણે તે કાયદો અને વ્યવસ્થા માટે મોટો પડકાર બની રહ્યું છે. દેશમાં થયલે અનેક ધાર્મિક અને જાતિવાદી હિંસા માટે સોશ્યલ મીડિયા જ જવાબદાર રહ્યું છે, એટલે જ પ્રભાવિત વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ કરવું પડે છે.

દુર્ભાગ્ય એ પણ છે કે કટ્ટરપંથી ધાર્મિક સંગઠન આ મીડિયા દ્વારા યુવાઓને પોતાના નફરતી અભિયાનમાં સામેલ કરી રહ્યા છે. મહત્ત્વનો સવાલ એ છે કે જે યુવાઓ પર ભારતનું ભવિષ્ય નિર્ભર છે, તેઓ સરકારને શિક્ષણ-રોજગાર માટે સવાલ પૂછવાને બદલે ધાર્મિક ઝંડો પકડીને ખુદ મંદિર-મસ્જિદ અને મજહબના સવાલોમાં ગૂંચવાય છે. ધાર્મિક સરઘસો પર હાલમાં જ થયેલા હુમલાઓમાં તેનું પ્રતિબિંબ જોઈ શકાય છે. જોકે આ તમામ ઘટનાઓ નિંદનીય અને અસ્વીકાર્ય છે. આ ઘટનાઓના પરિપ્રેક્ષ્યમાં એક સવાલ એ છે કે જે કિશોરો અને યુવાઓના હાથમાં પુસ્તક કે ડિગ્રી અને રોજગાર હોવા જોઈએ, તેમના હાથમાં પથ્થર, તલવાર, ત્રિશૂલ કે બંદૂક કેમ છે? બેશક, તેના માટે ખુદ યુવા જ જવાબદાર છે, જે ધાર્મિક રાજકારણની કઠપૂતળી બને છે. વિચારણીય છે કે જે આધ્યાત્મિક ગુરુઓની જવાબદારી સમાજમાં સમાનતા, સમરસતા અને સહજીવનની શિખામણ આપવાનું છે અને જે રાજનેતાઓની જવાબદારી દેશને સાંપ્રદાયિક, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોની રક્ષા કરવાની છે એ જ દેશ અને સમાજને ધર્મ, જાતિ, વેશભૂષા અને રંગોમાં વહેંચવા માંગી રહ્યા છે, જે ભવિષ્ય માટે ઘાતક છે.

જોકે ધર્મ અને જાતિને રાજકારણથી અલગ રાખવાની વાત નકામી છે, કારણ કે જે દેશનું વિભાજન જ ધર્મના આધારે થયું હોય અને જ્યાં વિભિન્ન ધર્મો માનનારા લગભગ ૩૦૦૦ જાતિ અને ૨૫૦૦૦ ઉપજાતિઓ વસતી હોય ત્યાં રાજકારણને ધર્મ અને જાતિથી અલગ રાખવું અસંભવ છે. તેથી આપણા રાજનેતાઓ, ધાર્મિક અને સામાજિક સંગઠનોએ એ બોધ ચોક્કસ યાદ રાખવું જોઈએ કે તેમની ગતિવિધિઓ અને વચનોથી દેશની એક્તા-અખંડતા અને ધાર્મિક તથા સામાજિક સમરસતા પર લેશમાત્ર પણ આંચ ન આવે કે આખરે રાષ્ટ્ર જ પ્રથમ છે. તેથી અભિવ્યક્તિની આઝાદીના દુરૂપયોગ પર કાનૂની ડંડાથી નહીં, બલ્કે રાજનેતાઓ અને ધર્મગુરુઓએ પોતાના વિચારોને શબ્દ આપવા દરમ્યાન સ્વઅનુશાસનની જરૂર છે. ભારત જેવા જીવંત લોકતંત્રવાળા દેશમાં બધા દેશવાસીઓને ધાર્મિક અને વૈચારિક સ્વતંત્રતા છે, પરંતુ સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદતા ક્યારેય ન હોઈ શકે, તેથી અભિવ્યક્તિમાં પણ શાલીનતા અને શિષ્ટતા જરૂરી છે, જેથી લોકતંત્રની મર્યાદા અને દેશનું સૌહાર્દ સુરક્ષિત રહે.

### સ્વચ્છતા ટ્રેન પહેલનો ઉદ્દેશ્ય ઘણા ઉદ્દેશ્યોને સિદ્ધ કરવાનો છે

# સ્વચ્છતા ટ્રેન અને કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપતી અનોખી પહેલ

### સ્વચ્છતા ટ્રેન પહેલ હતી, જે અમદાવાદમાં સ્વચ્છતા અને કચરાના વ્યવસ્થાપનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ એક રચનાત્મક પ્રયાસ હતો

અમદાવાદ, તા.૨૩

'સ્વચ્છતા ટ્રેન' પહેલનો ઉદ્દેશ્ય ઘણા ઉદ્દેશ્યોને સિદ્ધ કરવાનો છે. સૌપ્રથમ, તે શહેરમાં કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિને પ્રોત્સાહન આપવા માંગે છે. આ હાંસલ કરવા માટે, AMCએ સમાવેશી અને આનંદપ્રદ અનુભવ દ્વારા રહેવાસીઓ અને મુલાકાતીઓને જોડવા અને શિક્ષિત કરવાનું નક્કી કર્યું. સ્વચ્છતા ટ્રેન' એક આહલાદક અને માહિતીપ્રદ સવારી હતી જે મુસાફરોને કાંકરિયા લેકફ્રન્ટની મનોહર યાત્રા પર લઈ જતી હતી. ટ્રેનની મુસાફરી દરમિયાન, મુસાફરોને આકર્ષક પ્રદર્શનો અને પ્રસ્તુતિઓ દ્વારા કચરાના વ્યવસ્થાપન વિશે શીખવાની અનન્ય તક મળી. આ શૈક્ષણિક તત્વો શીખવાના અનુભવને આનંદપ્રદ અને યાદગાર બનાવવા માટે બનાવવામાં આવ્યા છે. 'સ્વચ્છતા ટ્રેન' પહેલના સૌથી નવીન પાસાઓ પૈકી એક ખાસ ડિઝાઈન કરાયેલા સંદેશા હતા. મુસાફરોને પ્લેટો અને હેન્ડ-બોલ્ટ્સ આપવામાં આવ્યા હતા જેમાં કચરાના વ્યવસ્થાપનના મહત્વ વિશે પ્રભાવશાળી સંદેશાઓ આપવામાં આવ્યા હતા. આ અનન્ય અને મૂર્ત રીમાઈન્ડર્સે જાગરૂકતા વધારવા અને રહેવાસીઓ અને મુલાકાતીઓ બંનેમાં જવાબદારીની ભાવના પ્રેરિત કરી.સ્વચ્છતા ટ્રેન' પહેલ સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે નવીનતા માટે AMCની અતૂટ પ્રતિબદ્ધતાને રજૂ કરે છે. તે અમદાવાદમાં સ્વચ્છતાના ઉદ્દેશ્યને આગળ વધારવા માટે તેમનો સર્જનાત્મક અને કલ્પનાશીલ અભિગમ દર્શાવે છે. નાગરિકોએ આ પહેલને પૂરા દિલથી આવકારી છે અને તેમાં ભાગ લીધો હતો.'સ્વચ્છતા ટ્રેન' પહેલની અસર નોંધપાત્ર રહી છે. તેણે રહેવાસીઓ અને મુલાકાતીઓમાં કચરાના વ્યવસ્થાપન અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિમાં નોંધપાત્ર વધારો કર્યો છે. સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ના એકંદર મિશનમાં યોગદાન આપતા મુસાફરો શૈક્ષણિક સામગ્રી સાથે સક્રિયપણે જોડાયેલા છે. આ પહેલે શહેરના રહેવાસીઓ અને મુલાકાતીઓમાં જવાબદારીની ભાવનાને પણ ઉત્તેજીત કરી, તેમને કચરાના વ્યવસ્થાપનમાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રેરણા આપી. સૌથી અગત્યનું, તે નવીનતાના એક ચમકતા ઉદાહરણ તરીકે ઊભું હતું, જે સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે સર્જનાત્મક રીતો શોધતા અન્ય શહેરો માટે એક મોડેલ તરીકે સેવા આપે છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ISL ૨.૦ હેઠળની 'સ્વચ્છતા ટ્રેન' પહેલ દર્શાવે છે કે કેવી રીતે કલ્પના, નવીનતા અને સર્જનાત્મકતાનો સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે ઉપયોગ કરી શકાય છે. આ પરિવર્તનકારી પ્રોજેક્ટ માત્ર જાગરૂકતા જ નહીં પરંતુ સ્વચ્છ અને પર્યાવરણને વધુ જવાબદાર અમદાવાદની શોધમાં રહેવાસીઓ અને મુલાકાતીઓને સક્રિયપણે સામેલ કરે છે. તે આપણા સમુદાયોમાં અર્થપૂર્ણ અને કાયમી પરિવર્તન લાવવામાં નવીન પદ્ધતિઓની અસરકારકતાના પુરાવા તરીકે ઊભું છે.

### ખેડા-મહીસાગરના ગામો માટે સારા સમાચાર

# ભૂપેન્દ્ર પટેલ સરકારનો નિર્ણય, ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી, પ્લાન તૈયાર

### ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા મળશે

ખેડા, તા.૨૩

ખેડા અને મહીસાગર જિલ્લાના ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા પૂરી પાડવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ ઉદવહન સિંચાઈ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હોવાનું જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે. સિંચાઈ યોજના દ્વારા ૬૧ ગામનાં તળાવને પાઈપલાઈનથી જોડાશે ખેડા અને મહીસાગર જિલ્લાના ખેડૂતોને સિંચાઈના પાણી માટે વિશેષ સુવિધા પુરી પાડવાનાં ઉદ્દેશ સાથે લેવામાં આવેલા આ નિર્ણયની વિસ્તૃત વિગતો આપતા જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકાના ૩૫ ગામોના ૮૩ તળાવો તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ૨૬ ગામોના ૩૭ તળાવો એમ કુલ ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડવામાં આવશે. જળ સંપત્તિ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ખેડા જિલ્લાનાં કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકા તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાનો એક મોટો હિસ્સો નર્મદા મુખ્ય નહેર અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરની વચ્ચે આવેલો છે. જેની પૂર્વ દિશાએ મહી નદી આવેલી છે. આ ચાર તાલુકાના મોટા ભાગના ગામોને કોઈપણ સ્ત્રોતમાંથી સિંચાઈના પાણીનો લાભ મળતો નથી. સિંચાઈથી વંચિત આ વિસ્તારના લોકો તેમની આજીવિકા માટે મુખ્યત્વે ખેતી પર આધાર રાખે છે. આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણીનો લાભ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામા આવ્યો છે.

સરકાર દ્વારા ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી આયોજનામાં મહી નદીમાંથી મહીસાગર જિલ્લાના નમનાર ગામમાં ટોડિયા રોકનજીકથી ૫૩.૮૭ એમ.સી.એમ. જેટલા પાણીના જથ્થાનો વપરાશ માટે ૨૦૦ ક્યુસેક ક્ષમતાની રાઈઝીંગ મેઈન, પંપીગ સ્ટેશન અને ઈન્ટેક વેલ બનાવવાનું આયોજન છે. આ યોજનામાં એક પમ્પીંગ સ્ટેશન અને બે ડિસ્ટ્રીબ્યુશન ટેક્નું બાંધકામ કરવામાં આવનાર છે.

જેમાં પ્રથમ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ (કેપેસિટી- ૪૦ લાખ લિટર) રૈયોલી ગામ, બાલાસિનોર પાસે તથા બીજી ડિસ્ટ્રીબ્યુશન ટેક્ (કેપેસિટી- ૬૦ લાખ લિટર) મુનજીના મુવાડા, બાલાસિનોર પાસે બનાવવાનું આયોજન હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ છે.

# રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર લગાવાશે QR કોડ

અમદાવાદ, તા.૨૩

થોડા સમય પહેલા અમદાવાદનાં એક દંપતી પાસેથી ૨ ટ્રાફિક પોલીસ તેમજ એક ટીઆરબી જવાન કરેલ તોડકાંડ મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે બાદ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકારે કોર્ટમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર ઊઈ કોડ લગાવાશે. જેથી પોલીસ દ્વારા થતી હેરાનગતિ કે પરેશાનીનાં સંજોગોમાં ઊઈ કોડ સ્કેન કરી સીધી ફરિયાદ નોંધાવી શકાશે.

સરકારે કહ્યું છે કે, ફરજ પરના પોલીસકર્મીઓ યુનિફોર્મ અને નેમ પ્લેટ વગર ફરી શકશે નહીં, રાત્રે મહિલાઓની સુરક્ષા માટે મહિલા પોલીસકર્મીઓ તૈનાત કરાશે. અમદાવાદ પોલીસકમિશનરે તમામ પોલીસ સ્ટેશન અને કમિશનરની હકુમતમાં આવતા વિસ્તારો માટે માર્ગદર્શિકા જાહેર કરી હોવાની સરકારે હાઈકોર્ટમાં રજૂઆત કરી છે. જેના પર હાઈકોર્ટે અમદાવાદમાં જ નહીં પરંતુ રાજ્યભરમાં આ માર્ગદર્શિકા જાહેર કરવાની ટકોર કરી છે.આ મામલે હાઈકોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, કાયદાના રક્ષક જ ભક્ષક બને તે વ્યાજબી નથી. જાહેર પરિવહનના વાહનમાં હેલ્પલાઈન નંબર ડિસ્પ્લે થવા જોઈએ. હેલ્પલાઈન નંબર મુસાફરોને યોગ્ય રીતે દેખાવવા જોઈએ. નાગરિકોના અધિકારોનું હનન થતા સરકારે વળતર ચૂકવવું જોઈએ.

અમદાવાદમાં પોલીસ તોડકાંડમાં હાઈકોર્ટે કડક આદેશ આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, પોલીસ કોસ્ટેબલ કે કર્મચારીએ ફરજ દરમિયાન વર્દી પહેરવી ફરજિયાત છે. પોલીસકર્મચારી વર્દી સાથે જ ફરજ સ્થળે હોવા જોઈએ. આ સાથે જ પોલીસ કર્મીએ વર્દી સાથે નેમ પ્લેટ પણ રાખવી ફરજિયાત છે. મહત્વનું છે કે, અરપોર્ટથી આવી રહેલા દંપતી પાસેથી વર્દી વગરના ત્રણ પોલીસકર્મીઓએ ૬૦ હજારનો તોડ કર્યો હતો.

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં રહેતા મિલનભાઈ કેલા અને તેમના પત્ની ૨૬ ઓગસ્ટનાં રાત્રીનાં સુમારે ઉબેર કારમાં એરપોર્ટથી ઘરે આવવા નીકળ્યા હતા. આ દરમિયાન ઓગણજ સર્કલ નજીક ટ્રાફિક પોલીસે તેમની ટેક્સીને રોકી હતી. જે બાદ ટ્રાફિક પોલીસે ઉબેર કારમાં બેઠેલા મિલનભાઈ કેલા અને તેમના પત્ની પાસેથી પૈસાની માંગણી કરી હતી. ઓગણજ સર્કલ નજીક એરપોર્ટથી આવતી ટેક્સીને રોકી ટ્રાફિક પોલીસકર્મીએ કારમાં બેસેલા પેસેન્જર પાસેથી ૨ લાખની માંગણી કરી હતી અને તેમને ધમકી આપી હતી.

જે બાદ તેઓએ મિલનભાઈ પાસેથી ૪૦ હજાર રોકડા પડાવ્યા હતા. જ્યારે ફરિયાદીના પત્નીના ફોનમાંથી ઉબેરના ડ્રાઈવરના ફોનમાં ૨૦ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા.

## ડિજીટલ પેમેન્ટથી વેન્ડિંગ મશીનમાંથી મોહનથાળનો પ્રસાદ મળી શકશે

બનાસકાંઠા, તા.૨૩

બનાસકાંઠાના અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈ જોરશોરથી તૈયારીઓ કરવામાં આવી છે. અંબાજીમાં ૨૩મીથી ભાદરવી પૂનમા મહામેળોનો પ્રારંભ થવાનો છે. ત્યારે અંબાજીમાં સૌપ્રથમવાર આ વર્ષે કેટલાક ખાસ આકર્ષણો અને પહેલા આપવામાં ના આવી હોય તેવી સુવિધાઓથી મેળાને યાદગાર બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યુ છે. ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરની બહાર કેટલાક પ્રસાદ વેન્ડિંગ મશીનો સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં રૂ ૩૦માં તમને મોહનથાળની પ્રસાદ મળશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સત્ય એ છે જે ત્રણેય કાળમાં એક સરખું જ હોય.

- સ્વામિ રામતિર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૮ દૂર્ગાષ્ટમી, રાધાષ્ટમી, ધરોઆઠમ, દધિચી જયંતિ, ગૌરી વિસર્જન, ભાગવત સપ્તાહ આંરભ તા.૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૭, મૂળ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૬:૪૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવચેતી રાખવી જરૂરી. ધંધાકીય ક્ષેત્રે કાળજી રાખવી.
વૃષભ: ખર્ચ પર અંકુશ રાખવો. અગત્યના કાર્ય સફળ થાય.
મિથુન: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક પ્રશ્ન ઉકેલાય.
કર્ક: ધીરજના ફળ મીઠા જણાય. સ્વજનથી સંવાદિતતા સર્જાય.
સિંહ: નાણાંભીડ દૂર થાય. કાર્યબોજમાં વધારો થાય.
કન્યા: પ્રવાસમાં વિલંબ. લાભની તક સાંપડે.
તુલા: મહત્વના પ્રશ્નો હલ થાય. ગૃહજીવનની કામગીરી હાથ ધરીશકશો.
વૃશ્ચિક: કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. સ્નેહિજનથી મિલન થાય.
ધન: કાર્યમાં લાભ થાય. મહત્વની પ્રવૃત્તિઓ વેગવંતી બને.
મકર: માનસિક ટેન્શન દૂર થાય. નાણાંકીય કાર્ય માટે સાનુકૂળ દિવસ.
કુંભ: લાભ અટકતો જણાય. મનની મુરાદ મનમાં રહે.
મીન: ખર્ચનો નાનો પ્રસંગ બને. પ્રિયજનથી વિયોગ રહે.

## કલિયુગમાં ગણપતિજીની પૂજાનું મહત્વ

હિન્દુસ્તાન કાયમને માટે અધ્યાત્મિક ક્ષેત્રે મોખરે રહ્યું છે. આ અધ્યાત્મિક શકિતને સતત વધારવા માટે જ વિવિધ પ્રકારનું શાસ્ત્રોક્ત આયોજન કરેલું છે. આ વિવિધ પર્વોમાંના એક પર્વ "વિનાયક ચતુર્થી" કે જેને "ગણેશ ચતુર્થી" પણ કહેવામાં આવે છે. તેનું અનેરૂં મહત્વ છે. દરેક પૂજામાં સૌ પ્રથમ ગણપતિજીની પૂજા કરવાની શાસ્ત્રોની આજ્ઞા છે. ત્યારે ભગવાન સુદ ચોથનાં આવતા આ ઉત્સવથી દસ દિવસ સુધી શ્રધ્ધાળુ ભક્તજનો ગણપતિજીમય બની રહે છે.



કલિયુગમાં શ્રી ગણપતિજીની ઉપાસનાનું ખૂબ જ મહત્વ છે. તેથી જ કહેવાયું છે કે, "કલૌ ચંડી વિનાયકો.." અર્થાત કલિયુગમાં "માં ચંડીકા દેવી" તથા "વિઘ્નહર્તા વિનાયક દેવ" જલદી ફળનારા દેવી-દેવતા છે. ગણપતિજીને વિનાયક નામ આપવામાં આવ્યું છે. વિનાયક એટલે વિશિષ્ટ નાયક જે નિયન્તા વિશેષ રૂપથી લઈ જાય તે.

શાસ્ત્રોક્ત મતો અનુસાર બધા જ કાર્યોની શરૂઆત કરતાં પહેલા શ્રી ગણપતિજીનું પૂજન કરવું અનિવાર્ય ગણાય છે. ત્યારે જુદી જુદી જગ્યાએ જુદી જુદી રીતે ગણપતિજીનું પૂજન કરવામાં આવે છે. ક્યાંક માટીની પ્રતિમા, ક્યાંક હળદરની પ્રતિમા, ક્યાંક ચાંદીની પ્રતિમા તો ક્યાંક સુવર્ણની પ્રતિમા તો ક્યાંક સોપારીમાં એમ વિવિધ રીતે ગણપતિજીનું પૂજન કરવામાં આવે છે. આનો મતલબ એ છે કે, આ બધીજ પાર્થીવ વસ્તુઓમાં તે દેવતાનો વ્યાપ્ત છે.

પરંતુ આ "ગણેશ ઉત્સવ" દરમ્યાન તો ખાસકરીને માટીનાં ગણપતિની પ્રતિમાનું જ પૂજન કરવાનો મહિમા છે. જે વર્ષોથી પરંપરાગત રીતે ચાલ્યો આવે છે. આ સમય દરમ્યાન સોના-ચાંદી કે અન્ય કોઈ વસ્તુનાં ગણપતિની પૂજાનું ખાસ મહત્વ નથી રહેતું. તેનું કારણ ગણપતિજીને ભુતતત્વ રૂપી માનવામાં આવે છે. તેથી માટીના ગણપતિજીની પ્રતિમાનું વિશેષ મહત્વ ગણવામાં આવ્યું છે.

આ ઉપરાંત શ્રી ગણપતિજીને દુર્વા, શમીપત્ર અને મોદક એટલે કે લાડુ અત્યંત પ્રિય છે. શાસ્ત્રો "દુર્વા" નો અર્થ જીવ એવો કરે છે. જીવ સુખ અને દુઃખને ભોગવવા માટે જ જન્મ લે છે. આ સુખ અને દુઃખ રૂપ ટુન્ટ્ને દુર્વા રૂપે ભક્તગણ ગણપતિજીને અર્પણ કરે છે.

જ્યારે શમીવૃક્ષને બ્રહ્મવૃક્ષ પણ કહે છે. જેના પાન ગણપતિજીને વિશેષ પ્રિય છે. તેના વડે ગણપતિજીનું પૂજન કરવાથી જીવને બ્રહ્મભાવની પ્રાપ્તિ થાય છે. તેવું શાસ્ત્રોનું વિધાન છે. મોદક એટલે કે લાડુ પણ ગણપતિજીને પ્રિય છે. મોદક શું ? તો શાસ્ત્રો કહે છે કે, આનંદ એજ મોદક છે. માટે જ સંસ્કૃતમાં કહ્યું છે, "આનન્દો મોદઃ પ્રમોદઃ" જોકે ગણપતિજીને પ્રિય એવા આ મોદક એટલે કે લાડુને દરેક પ્રદેશોમાં જુદી જુદી રીતે બનાવીને ધરવામાં આવે છે.

આ ગણપતિની ઉપાસના સૌ પ્રથમ વિદ્યાના ઉપાસકો માટે જરૂરી છે. તો સાથે લક્ષ્મી મેળવવા ઈચ્છતા કે રીધ્ધી સિધ્ધીની પ્રાપ્તિ ઈચ્છતા ભક્તો કે જાત જાતનાં વિઘ્નોમાં અટવાતા ભક્તજનોને તેમાંથી મુક્ત થવા માટે શ્રી ગણપતિજીની ઉપાસના વિશેષ ફળદાયી નિવડે છે. તેવું આપણા શાસ્ત્રોનું વિધાન છે.

આ ગણપતિજીનાં જન્મ વિશે વિવિધ કથાઓ આપણા શાસ્ત્રોમાં જુદી જુદી રીતે આપી છે. તેમાં શિવપુરાણ, લિંગપુરાણ, પદ્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, મહાભારત વગેરેમાં ગણપતિજીનો ઉલ્લેખ જોવા મળે છે. કેટલીક જગ્યાએ વેદોમાં પણ ગણપતિજીનો ઉલ્લેખ હોવાની નોંધ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રી ગણપતિજીનું મહત્વ ખૂબ જ છે. અને આ શ્રી ગણેશજીનાં તત્વને સમજવું પણ સહેલું તો નથી જ ગણપતિજીએ ઉત્તમ આદર્શોની સ્થાપના કરી અને જગતને વિવિધ બોધ આપ્યા છે. શ્રી ગણપતિજીને પરમ દેવતા લેખવામાં આવે છે. હિન્દુ શાસ્ત્રોમાં પંચદેવતાઓમાં ગણપતિજીનું સ્થાન મુખ્ય ગણવામાં આવે છે. આવા સિધ્ધી દાતા શ્રી ગણપતિજીની ઉપાસના કલિયુગમાં વિશિષ્ટ ફળ આપનારી છે. શ્રધ્ધાળુઓ પોતાની શ્રધ્ધા અને ભક્તિ વડે ગણપતિજીને પૂજન અર્ચન અને નામ સ્મરણ વડે પ્રસન્ન કરી અને શુભ ફળની પ્રાપ્તિ કરે તેવી શુભેચ્છા...

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# વિપક્ષે મહિલા અનામત બિલ સાથે સંલગ્ન એવા સીમાંકન અને વસ્તીગણતરીના મુદ્દાઓ પણ ઉઠાવ્યા




નવી દિલ્હી, તા.૨૩

વિપક્ષી દળોએ કેન્દ્ર સરકારને મહિલાઓ માટે લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં તમામ બેઠકોમાંથી ૩૩% અનામત રાખવા માટેના મહિલા અનામત બિલ સાથે જોડાયેલ સીમાંકન કલમ અંગે પ્રશ્ન કર્યો હતો. મંગળવારે, સંસદના ચાલુ વિશેષ સત્રના બીજા દિવસે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી સંસદમાં તેમના પ્રથમ સંબોધનમાં, "ઐતિહાસિક" કાયદો લાવવાના તેમની સરકારના નિર્ણયની જાહેરાત કરી હતી. નારી શક્તિ વંદન અધિનિયમ નામના બિલમાં જણાવાયું છે કે કલમ 239AAમાં સુધારો કરીને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની વિધાનસભામાં એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવામાં આવશે, લોકસભામાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો આરક્ષિત કરવામાં આવશે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૩૦માં સુધારો કરીને અને કલમ ૩૩૨માં સુધારો કરીને રાજ્યની વિધાનસભાઓમાં એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવામા આવશે. મહિલાઓ માટે બેઠકોના આરક્ષણને લગતી જોગવાઈઓમાં આ હેતુ માટે સીમાંકનની કવાયત હાથ ધરવામાં આવે અને આ બિલ પસાર થયા પછી પ્રથમ વસ્તી ગણતરી માટે સંબંધિત આંકડાઓ પછી તે પછી અમલમાં આવશે. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧માં હાથ ધરવામાં આવી હતી. ૨૦૨૧ની વસ્તી ગણતરી શરૂઆતમાં COVID-19 રોગચાળાની શરૂઆતને કારણે વિલંબિત થઈ હતી પરંતુ મોદી સરકારે હજુ સુધી એ જાહેરાત કરવાની બાકી છે કે આ કવાયત ક્યારે શરૂ થઈ શકે છે. વિરોધ પક્ષોએ આ કાયદો લાવવાના પગલાનું સ્વાગત કર્યું પરંતુ સીમાંકન કલમનું વર્ણન કર્યું, જેનો અસરકારક અર્થ એ છે કે આગામી સામાન્ય ચૂંટણીઓમાં તેનો અમલ કરવામાં આવશે નહીં. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે ઠ (ટ્વિટર) ઉપર એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ બિલ સૌથી મોટો ચૂંટણીનો જુમલો છે અને "કરોડો ભારતીય મહિલાઓ અને છોકરીઓની આશાઓ સાથે મોટો વિશ્વાસઘાત છે. બિલમાં વસ્તી ગણતરીની કવાયત પછી સીમાંકન પર પ્રશ્ન ઉઠાવતા રમેશે કહ્યું કે આ "ઈવીએમ- ઈવેન્ટ મેનેજમેન્ટ સિવાય બીજું કંઈ નથી. શું ૨૦૨૪ની ચૂંટણી પહેલા વસ્તી ગણતરી અને સીમાંકન કરવામાં આવશે ? દિલ્હીના મંત્રી આતિશીએ કહ્યું કે આમ આદમી પાર્ટી (AAP) બિલને સૈદ્ધાંતિક રીતે સમર્થન આપે છે, પણ ભાજપ સરકાર "મહિલાઓને મૂર્ખ" બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તેણીએ કહ્યું કે, આપ પક્ષ સૈદ્ધાંતિક રીતે મહિલા અનામત બિલને સમર્થન આપે છે પરંતુ આજે જે બિલ રજૂ કરવામાં આવ્યું હતું તે મહિલા અનામત બિલ ન હતું, તે મહિલાઓને મૂર્ખ બનાવવાનું બિલ છે. આ મુજબ ૨૦૨૪ની ચૂંટણીમાં મહિલા અનામત અમલમાં નહીં આવે. પહેલા વસ્તી ગણતરી થશે, પછી સીમાંકન પછી તેના આધારે કઈ બેઠકો અનામત રાખવાની છે એ નક્કી થશે. આનો અર્થ એ છે કે આ બિલ આગામી ૪-૫ વર્ષમાં લાગુ કરવામાં આવશે નહીં. તેથી આ બિલનો હેતુ મહિલાઓને મૂર્ખ બનાવવાનો છે. શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે આ બિલ સૂચવે છે કે ભાજપ સરકાર નવ વર્ષથી સત્તામાં હોવા છતાં અનામત માટે મહિલાઓને ૨૦૨૯ સુધી રાહ જોવી પડશે. ચેમ્પિયન કુસ્તીબાજ વિનેશ ફોગટ, જેમણે ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ પર જાતીય સતામણીનો આરોપ મૂક્યો છે છે, તેણીએ જણાવ્યું હતું કે એક તરફ, સરકાર આ બિલ લાવી રહી છે. મહિલાઓને સન્માન આપવા માટે અને બીજી તરફ તે મહિલા કુસ્તીબાજોના યૌન શોષણના આરોપી બ્રિજ ભૂષણ જેવા વ્યક્તિને રક્ષણ આપી રહી છે. બે દિવસ પહેલા, દેશની એક મહિલા રેસલરને બદનામ કરવા માટે સોશિયલ મીડિયા ઉપર એક નકલી વીડિયો અપલોડ કરવામાં આવ્યો હતો. શું સરકાર સૂઈ રહી છે ? શું સરકાર તે મહિલા કુસ્તીબાજને ન્યાય અપાવી શકશે ? સરકાર બ્રિજભૂષણ જેવી વ્યક્તિને બચાવી રહી છે એટલું જ નહીં પરંતુ સમાન માનસિકતા ધરાવતા લોકોને પણ પ્રોત્સાહન આપી રહી છે. આ બિલ આવ્યા પછી, હું આશા રાખું છું કે સંસદમાં બેસનાર ૧૮૧ મહિલા સાંસદો મહિલાઓના સન્માન માટે લડશે અને મહિલાઓની સાથે ઉભી રહેશે. ઘણા વિરોધ પક્ષોએ OBC અને મુસ્લિમ સમુદાયની મહિલાઓ માટેના કાયદામાં સબ-ક્વોટાની ગેરહાજરી પર પણ સવાલ ઉઠાવ્યા છે. AIMIMના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે ભારતમાં અત્યાર સુધી યોજાયેલી ૧૭ લોકસભા ચૂંટણીમાં ૮,૦૦૦થી વધુ સાંસદો ચૂંટાયા છે પરંતુ તેમાં માત્ર ૫૨૦જ મુસ્લિમ છે. ૫૨૦માં માત્ર મુઠ્ઠીભર મુસ્લિમ મહિલાઓ છે. તો તમે કોને રજૂઆત કરો છો ? જેમની પાસે પ્રતિનિધિત્વ નથી તેમને પ્રતિનિધિત્વ આપવું જોઈએ. આ બિલમાં સૌથી મોટી ખામી એ છે કે OBC મહિલાઓ અને મુસ્લિમ મહિલાઓ માટે કોઈ ક્વોટા નથી. બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ માયાવતીએ કહ્યું કે તેમનો પક્ષ સંસદ અને અન્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામતની મંજૂરી આપતા કોઈપણ બિલને સમર્થન આપશે, પછી ભલે SC, ST અને OBC સમુદાયો માટે સબ-ક્વોટાની માંગ પૂરી ન થાય. સમાજવાદી પાર્ટીએ આ બિલનો વિરોધ કરવાનું નક્કી કર્યું છે. પીટીઆઈ સાથે વાત કરતા જુહી સિંહે કહ્યું કે પાર્ટી મહિલાઓનું સન્માન કરે છે અને તેમના અધિકારોનું સમર્થન કરે છે. જો અનામત આપવામાં આવી રહી છે, તો કેન્દ્રએ સુનિશ્ચિત કરવું જોઈએ કે દલિત, આદિવાસી અને પછાત મહિલાઓને પ્રતિનિધિત્વ મળે. રાષ્ટ્રીય જનતા દળ (RJD), JD(U) અને સમાજવાદી પાર્ટી આ બિલના વિરોધીઓ છે. RJD નેતા મનોજ ઝાએ કહ્યું કે જો બિલ પાછળનો વિચાર મહિલાઓના બહોળા પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવાનો છે, તો તે SC, ST અને OBCની મહિલાઓ વિના ન હોઈ શકે. જો કે, JD(U) એ તેનું વલણ બદલ્યું અને ૨૦૧૬માં આ બિલને સમર્થન આપવાનું વચન આપ્યું હતું.

# ગુનાહિત છબી ધરાવતા રાજકારણીઓ ઉપર કાયમી લગામ કસવી જરૂરી છે



નવી દિલ્હી તા.૨૩

રાજકારણમાં ગુનાહિત પૃષ્ઠભૂમિના લોકોના પ્રવેશને રોકવા માટે લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. સામાન્ય રીતે તમામ પક્ષો અને તેમના નેતાઓ આ અંગે ચિંતા વ્યક્ત કરે છે, પરંતુ તકલીફ એ છે કે આજ સુધી એવી કોઈ વ્યવસ્થા થઈ નથી જેમાં કોઈપણ ગુનામાં સંડોવાયેલા વ્યક્તિને સંસદ કે વિધાનસભામાં પહોંચતા અટકાવી શકાય.

હાલના કાયદાઓમાં કરવામાં આવેલી જોગવાઈઓ ચોક્કસ તબક્કા પછી આ બાબતમાં અસરકારક નથી. આજે પણ દેશની રાજનીતિને ગુનાહિત છબી ધરાવતા લોકોથી મુક્ત કરવાનું કામ અધૂરૂ છે. હવે આ મામલામાં સુપ્રીમ કોર્ટના એમિકસ ક્યૂરીએ પોતાના એક રિપોર્ટમાં કહ્યું છે કે જો કોઈ વ્યક્તિ કોઈપણ ગુના માટે એક વખત દોષિત ઠરે છે તો તેના ઉપર ચૂંટણી લડવા ઉપર આજીવન પ્રતિબંધ લગાવવો જોઈએ. આ રિપોર્ટને રાજકારણમાં ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોની દખલગીરી રોકવા માટે એક મહત્વપૂર્ણ વિચાર તરીકે જોવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે વર્તમાન કાયદાકીય પ્રણાલી હેઠળ કોર્ટ દ્વારા કોઈપણ ગુનામાં દોષિત જાહેર કરવામાં આવેલ હોય અને બે વર્ષથી વધુની સજા થઈ હોય તેવા લોકોને ચૂંટણી લડવા ઉપર પ્રતિબંધ છે, પરંતુ આ સમયગાળો છ વર્ષનો છે. આ સમયગાળા પછી, તે જ વ્યક્તિ ફરીથી સંસદ અથવા વિધાનસભા માટે ચૂંટણી લડી શકે છે અને જીત્યા પછી, તેને જનપ્રતિનિધિ કહી શકાય છે. હવે એમિકસ ક્યુરીએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે સાંસદો વધુ ધર્મનિષ્ઠ અને કાયદાનું પાલન કરનારા હોવા જોઈએ. સાંસદો અને ધારાસભ્યો લોકોની એકંદર ઈચ્છાનું પ્રતિનિધિત્વ કરતા હોવાથી, એકવાર નૈતિક ગુનામાં સંડોવાયેલા જોવા મળે તો તેઓને ચૂંટણીના રાજકારણમાંથી કાયમી ધોરણે ગેરલાયક ઠેરવવા જોઈએ.

આ સંદર્ભમાં, તે ધ્યાનમાં લેવા યોગ્ય છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓને લાગુ પડતા સેવા નિયમો મુજબ, નૈતિક ક્ષતિ સાથે સંકળાયેલા કોઈપણ ગુના માટે દોષિત વ્યક્તિને સેવામાંથી બરતરફ કરી શકાય છે, પરંતુ રાજકારણીઓ માટે આવું કરવાની મંજૂરી આપવામાં આવતી નથી. જો કે, ડિસેમ્બર ૨૦૨૦માં, કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓ અને રાજકારણીઓ વચ્ચેની તુલનાને નકારી કાઢી હતી. સવાલ એ છે કે શું આને બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન ગણી શકાય? દેખીતી રીતે, આ મુદ્દા ઉપર સર્વસંમત નિષ્કર્ષ ઉપર પહોંચવાની જરૂર છે, જેના દ્વારા રાજકારણને અપરાધીકરણથી સંપૂર્ણપણે મુક્ત કરી શકાય. પરંતુ આજે દેશભરમાં ઘણા એવા સાંસદો અને ધારાસભ્યો છે જેમની સામે પેન્ડિંગ કેસની સંખ્યામાં વધારો થયો છે. એડીઆર એટલે કે એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિસર્ચના તાજેતરના અહેવાલમાં એવું કહેવામાં આવ્યું હતું કે લગભગ ચાલીસ ટકા વર્તમાન સાંસદો સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. આમાંથી ૨૫ ટકા કેસો ગંભીર ગુનાઓ સાથે સંબંધિત છે, જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, મહિલાઓ સામેના ગુનાઓ જેવા કેસો સામેલ છે.

સવાલ એ છે કે દેશની સંસદમાં પણ આ સ્થિતિમાં રાજકારણને ગુનાહિત છબીથી મુક્ત કરવા માટે ક્યારે પ્રયાસો કરવામાં આવશે? તે ચોક્કસપણે અફસોસની વાત છે કે ગુનામાં દોષિત હોવા છતાં, જે તે વ્યક્તિ જનતાનું પ્રતિનિધિત્વ કરવાના દાવા સાથે ચૂંટણી લડે છે. તે જનતા માટે સારૂ કરવાના વચનો અને દાવાઓ કરે છે અને ચૂંટણી જીત્યા પછી, તે વિધાનસભામાં બેસે છે અને કાયદો બનાવવાની પ્રક્રિયામાં પણ ભાગ લે છે.

# કેનેડામાં એવા ૯ સંગઠનો છે જે આતંકી સમૂહોને સમર્થન કરે છે : અધિકારીઓ

(એજન્સી) તા.૨૩

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગે કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોના આરોપો બાદ ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી ગયો છે. તેની સામે પગલાં લેતા ભારતે કેનેડાના વરિષ્ઠ રાજદ્વારીને પાંચ દિવસમાં દેશ છોડી દેવા માટે કહ્યું છે. દરમ્યાન એવો દાવો કરવામાં આવ્યો હતો કે આતંકવાદી જૂથોને ટેકો આપતા ઓછામાં ઓછા નવ અલગતાવાદી સંગઠનો કેનેડામાં હાજર છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રત્યાર્પણની અનેક વિનંતીઓ છતાં, કેનેડાએ લોકપ્રિય પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા સહિતના જઘન્ય અપરાધોમાં સામેલ લોકો સામે કોઈ પગલાં લીધા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાલિસ્તાન તરફી સંગઠનો જેમ કે વર્લ્ડ શીખ ઓર્ગેનાઈઝેશન (WSO), ખાલિસ્તાન ટાઈગર ફોર્સ (KTF), શીખ ફોર જસ્ટિસ (SFJ) અને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI) કથિત રીતે પાકિસ્તાનના ઈશારે કેનેડાની ધરતી ઉપરથી સ્વતંત્ર રીતે કામ કરી રહ્યા છે. આ સંગઠનો સીધી રીતે આતંક ફેલાવતા જૂથોના સમર્થક છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘણા કિસ્સાઓમાં, ભારતમાં વોન્ટેડ આતંકવાદીઓની દેશનિકાલની વિનંતી વર્ષોથી કેનેડિયન સત્તાવાળાઓ પાસે પેન્ડિંગ છે. એટલું જ નહીં, ભારતીય અધિકારીઓએ એવો પણ આરોપ લગાવ્યો છે કે આ લોકો સામે ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસ પણ પેન્ડિંગ છે. ભારતીય અધિકારીઓએ ગુરપ્રીત સિંહને દેશનિકાલ કરવાની વિનંતી કરી હતી. તેમનું કેનેડિયન એડ્રેસ પણ આપવામાં આવ્યું હતું, પરંતુ કેનેડા મૌન રહ્યું હતું. આ સિવાય કેનેડાની સરકારે ૧૬ ફોજદારી કેસોમાં વોન્ટેડ અર્શદીપ સિંહ ઉર્ફે અર્શ દલ્લા, પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાની જવાબદારી સ્વીકારનાર સતીન્દરજીત સિંહ બ્રાર ઉર્ફે ગોલ્ડી બ્રાર સામે પણ કોઈ કાર્યવાહી કરી નથી. તેમણે કહ્યું કે અલગતાવાદી સંગઠનો ખુલ્લેઆમ હત્યાની ધમકીઓ આપી રહ્યા છે. અલગતાવાદીઓના એજન્ડાને પ્રોત્સાહન આપવું અને ભારતમાં લક્ષ્યાંકિત હત્યાઓ કરવી. પરંતુ ભારતની ચિંતા છતાં કેનેડા કોઈ પગલાં લઈ રહ્યું નથી.

# ટીવી ન્યૂઝ ચેનલો માટે સ્વ-નિયમનને વધુ ‘કડક’ કરવાની ખાસ જરૂર છે : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૨૩

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે ટીવી ન્યૂઝ ચેનલો ઉપર દેખરેખ રાખવાની સ્વ-નિયમનકારી પદ્ધતિને "કડક" કરવા માંગે છે અને ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ અને ડિજિટલ એસોસિએશન (NBDA)ને નવી માર્ગદર્શિકા રજૂ કરવા માટે વધુ ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે એવી રજૂઆતોની નોંધ લીધી હતી કે એનબીડીએ તેના વર્તમાન અને ભૂતપૂર્વ અધ્યક્ષ, જસ્ટિસ (નિવૃત્ત) એ કે સિકરી અને આરવી રવિન્દ્રન સાથે અનુક્રમે નવી માર્ગદર્શિકા ઘડવા માટે પરામર્શ કરી રહી છે. NBDA તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અરવિંદ દાતારે નવી માર્ગદર્શિકા માટે ચાર અઠવાડિયાનો સમય માંગ્યો હતો. કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે પહેલેથી જ ત્રિ-સ્તરીય મિકેનિઝમ ઘડ્યું છે, જેમાંથી પ્રથમ સ્વ-નિયમન છે. ન્યૂઝ બ્રોડકાસ્ટર ફેડરેશન ઓફ ઈન્ડિયા (NBFI) તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીએ જણાવ્યું હતું કે NBDAથી વિપરીત, ૨૦૨૨ના નિયમો અનુસાર કેન્દ્રમાં નોંધાયેલ તે એકમાત્ર નિયમનકારી સંસ્થા છે. તેમણે કહ્યું કે NBFIને તેના પોતાના સ્વ-નિયમો ફાઈલ કરવાની પણ પરવાનગી આપવામાં આવે. સીજેઆઈએ કહ્યું કે, અમે સ્વ-નિયમનકારી મિકેનિઝમને વધુ કડક બનાવવા માંગીએ છીએ, તેના માટે સૂચનો અને માર્ગદર્શિકા આવકાર્ય છે. અમે તમારા વૈચારિક મતભેદો (NBDA અને NBFI)ને અહીં ઉકેલી શકતા નથી. અમે નથી ઈચ્છતા કે આ અરજી હરીફ સંગઠનોની હરીફાઈમાં ફેરવાય જાય. અમે તેમના નિયમો જોઈશું અને પછી તમારા નિયમો પણ જોઈશું. અગાઉ, સર્વોચ્ચ અદાલતે ટીવી ન્યૂઝ ચેનલો ઉપર દેખરેખ રાખવા માટે હાલની સ્વ-નિયમનકારી પદ્ધતિમાં ખામી શોધી કાઢી હતી અને કેન્દ્રનો જવાબ માંગ્યો હતો અને કહ્યું કે તે તેને "વધુ અસરકારક" બનાવવા માંગે છે. બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે તે મીડિયા ઉપર કોઈ સેન્સરશિપ લાદવા માંગતી નથી. જો કે, સર્વોચ્ચ અદાલતે અસરકારક સ્વ-નિયમનકારી મિકેનિઝમની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મૃત્યુ કેસના કવરેજ દરમ્યાન કેટલીક ચેનલો "પક્ષપાતી" થઈ ગઈ હતી. તેણે NBDAને તેના વર્તમાન અધ્યક્ષ જસ્ટિસ સિકરી (નિવૃત્ત) અને તેમના પુરોગામી જસ્ટિસ રવીન્દ્રન (નિવૃત્ત), બંને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશો પાસેથી ઈનપુટ લેવા જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે સેલ્ફ-રેગ્યુલેટરી મિકેનિઝમના ઉલ્લંઘન માટે ટીવી ન્યૂઝ ચેનલ ઉપર મહત્તમ દંડ માત્ર ૧ લાખ રૂપિયા છે, જે ૨૦૦૮માં નક્કી કરવામાં આવ્યો હતો. કોર્ટ બોમ્બે હાઈકોર્ટના જાન્યુઆરી ૨૦૨૧ના અવલોકનો સામે NBDA દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરી રહી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે મીડિયા ટ્રાયલ કોર્ટની અવમાનના સમાન છે અને પ્રેસને "લક્ષ્મણરેખા"ને પાર ન કરવા વિનંતી કરી હતી, કારણ કે તેને કેટલીક ન્યૂઝ ચેનલો દ્વારા અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ કેસનું કવરેજ "અપમાનજનક" લાગ્યું હતું. NBDAની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ માહિતી મુજબ, તે ખાનગી ટેલિવિઝન સમાચાર, વર્તમાન બાબતો અને ડિજિટલ બ્રોડકાસ્ટર્સનું પ્રતિનિધિત્વ કરે છે અને ભારતમાં સમાચાર, વર્તમાન બાબતો અને ડિજિટલ બ્રોડકાસ્ટર્સનો સામૂહિક અવાજ છે. તે કહે છે કે NBDA પાસે હાલમાં તેના સભ્યો તરીકે ૨૭ અગ્રણી સમાચાર અને વર્તમાન બાબતોના પ્રસારણકર્તાઓ (૧૨૫ સમાચાર અને વર્તમાન બાબતોની ચેનલો) નો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને અન્યને નોટિસ જારી કરીને એસોસિએશનની અરજી ઉપર તેમના જવાબો માંગ્યા છે. બેન્ચે જણાવ્યું હતું કે, અમારૂ માનવું છે કે આ કોર્ટ માટે સ્વ-નિયમનકારી મિકેનિઝમની રચના માટે જે પગલાં લેવામાં આવ્યાં છે, તેને મજબૂત કરવા કે કેમ તે ધ્યાનમાં લેવા ઈચ્છે છે.

## લોકો સરળ રીતે સમજી શકે તે માટે નોંધણી સર નિરીક્ષક દ્વારા સ્પષ્ટતા

# મિલકતના દસ્તાવેજ સાથે આધારકાર્ડ જોડવાનું નથી : કચેરીમાં જ રજૂ કરવું

ગાંધીનગર, તા.૨૩

આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ-AEPSના દૂરઉપયોગથી જાહેર જનતાના નાણાના રક્ષણ હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી માટે રજૂ થતાં દસ્તાવેજમાં પક્ષકારોના (દસ્તાવેજ લખી આપનાર, લેનાર તથા ઓળખાણ આપનાર) આધાર નંબરનો ઉલ્લેખ ન કરવા જરૂરી સૂચના પ્રસિદ્ધ કરવામાં આવી હતી એટલે કે દસ્તાવેજ સાથે આધાર કાર્ડ જોડવાની જરૂર નથી પરંતુ માત્ર સબ રજિસ્ટાર કચેરીમાં રજૂ કરવાનું રહેશે. રાજ્યના નોંધણી સર નિરીક્ષક દ્વારા લોકો સરળ રીતે સમજી શકે તે માટે સ્પષ્ટતા કરતાં જણાવાયું છે, કે દસ્તાવેજ નોંધણી વખતે સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજૂ કરવામાં આવે તે દસ્તાવેજમાં કોઈપણ પક્ષકારના આધાર નંબરનો ઉલ્લેખ કરવો નહીં અને જો ઉલ્લેખ કરવો જરૂરી જણાય તો આધાર નંબરના માત્ર છેલ્લા ૪ અંકનો જ ઉલ્લેખ કરવો તથા પ્રથમ આઠ અંકોને બદલે નિશાની દર્શાવવાની રહેશે. તેમણે કહ્યું હતું કે, દસ્તાવેજના પક્ષકારો દસ્તાવેજ કરી આપનાર, દસ્તાવેજ કરી લેનાર અને ઓળખ આપનારના ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં પહેલાંની જેમ જ રજૂ કરવાની રહેશે. જ્યારે ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરવામાં આવે ત્યારે તેને દસ્તાવેજની સાથે જોડીને તેનો ભાગ બનાવવાને બદલે કચેરીના રેકર્ડ ઉપર જ તેની જાળવણી કરવાની રહેશે. આમ, આધાર કાર્ડને ઓળખના પુરાવા તરીકે રજૂ કરવાની મનાઈ કરવામાં આવી નથી, પરંતુ જાહેર રેકર્ડનો ભાગ ન બને તે હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી થયેલ દસ્તાવેજનો ભાગ ન બનાવવાની સૂચના સંબંધિતોને આપવામાં આવી છે.

# IT રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવી ૩૦મી નવેમ્બર કરાઈ

અમદાવાદ, તા.૨૩

ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા જે લોકો આઈટી રિટર્ન ફાઈલ કરે છે તેમના માટે એક મહત્વપૂર્ણ સુચના જારી કરવામાં આવી છે, ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી જાણકારીમાં જણાવાયા અનુસાર ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવવા નિર્ણય કરાયો છે. જેને લઈને હવે તમેં નવી તારોખ સુધી તમે વેબસાઈટ અથવા ઓફલાઈનથી ટેક્સ્ટ રિટર્ન ફાઈલ કરી શકશો. જે મુજબ ૩૦ નવેમ્બર ૨૦૨૩ નવી તારીખ નક્કી કરાઈ છે. ક્યાં લોકોને ફાયદો નહિ મળે બીજી બાજુ કંપનીઓને પોતાના એકાઉન્ટને ઓડિટ કરાવવાની જરૂર છે તેમના માટે ઓડિટ રિપોર્ટ રજુ કરવાની નિયત તારીખને વધારવામાં આવી છે. નવી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ છે, નવી તારીખ જાહેર થયાં બાદ કોને ફાયદો મળશે તેના વિશે વાત કરીએ તો તેનો લાભ સામાન્ય ટેક્સપેયર્સને નહિ મળે. આવું એટલા માટે કારણ કે સામાન્ય લોકો માટે તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઈન્કમ ટેક્સ વિભાગના જણાવ્યા પ્રમાણે ધર્માર્થ ટ્રસ્ટ, ધાર્મિક સંસ્થાઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની તારીખને વધારીને ૩૦ નવેમ્બર કરવામાં આવી છે. તો આ પહેલા ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ હતી.

# ઈસરોએ બનાવેલું NavIC સોફ્ટવેર મોબાઈલમાં મળશે

નવી દિલ્હી, તા.૨૩

ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી રાજયમંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે ૨૦૨૫ના અંત સુધીમાં તમામ સ્માર્ટફોન મેન્યુફેકચરિંગ કંપનીઓએ મોબાઈલમાં નવઆઈસીની સુવિધા આપવી પડશે. તેમણે કહ્યું કે કાં તો કંપનીઓ મોબાઈલ ફોનમાં NavIC સંચાલિત ચિપ્સનો ઉપયોગ કરી શકે છે અથવા તેઓ NavIC ચિપસેટ આપી શકે છે. ઉલ્લેખનીય છે કે, એપલે તેની નવી સીરીઝમાં NavICને સપોર્ટ કર્યો છે. તમને આ સેવા આઈફોન ૧૫ પ્રોઅને પ્રો મેકસમાં મળશે. જેઓ NavIC શું છે તે જાણતા નથી તેઓ જાણી લે કે તેને અંગ્રેજીમાં નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન કહેવાય છે. આ એક ભારતીય જીપીએસ સિસ્ટમ છે જે ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની મદદથી અમેરિકાની જીપીએસ સિસ્ટમ ઉપરથી દેશની નિર્ભરતા ખતમ થઈ જશે. રાજયમંત્રીએ કહ્યું કે 5G સ્માર્ટફોને ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં NavIC (નેવીગેશન વિથ ઈન્ડિયન કન્સલટેશન)ને સપોર્ટ કરવો પડશે અને અન્ય મોબાઈલ કંપનીઓએ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં તેમના ફોનમાં આ સેવા આપવી પડશે. આ સાથે તેમણે કહ્યું કે સરકાર પ્રોડકશન-લિંકડ ઈન્સેન્ટિવ અથવા પીઆઈએલ સ્કીમના આગામી રાઉન્ડમાં સિસ્ટમ ડિઝાઈનમાં ભારતીય બનાવટ અથવા ડિઝાઈન કરેલી NavIC-સપોર્ટિંગ ચિપ્સનો ઉપયોગ કરવા માટે ઈન્સેન્ટિવ પણ આપી શકે છે. એટલે કે કંપનીઓને થોડો ફાયદો થશે.

# કોડીનારના ઘાંટવડ ગામની સસ્તા અનાજની દુકાનમાંથી અનાજનો જથ્થો સીઝ કરાયો

(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૩

કોડીનાર ના કેટલાક ગામડાઓમાં રેશનીંગની દુકાનદાર દ્વારા લોકોને પૂરતા પ્રમાણમાં સસ્તા અનાજનો જથ્થો નહીં આપીને આ જથ્થો કાળા બજારમાં વેચી નાખવા અંગે કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મહેશભાઈ મકવાણાએ ગત તા.૧-૮-૨૩ ના રોજ કરેલી મુખ્યમંત્રી ઓનલાઈન ફરિયાદને પગલે તા. ૨૩-૮-૨૦૨૩ ના રોજ કોડીનાર મામલતદાર કચેરી ખાતે યોજાયેલ લોક દરબારમાં નાયબ મામલતદાર કોડીનારને અપાયેલ સૂચના મુજબ તેઓએ હાથ ધરેલી કામગીરીના ભાગરૂપે કોડીનાર તાલુકાના ઘાટવડ ગામના સસ્તા અનાજના દુકાનદાર કલ્પેશભાઈ ગટેચાની દુકાને તપાસ હાથ ધરતા ત્યાંથી ૭૪૪ કિલો ઘઉં ૯૫૩ કિલો ચોખા ૨૬ કિલો ખાંડ તથા ૪૯ કિલો બાજરી જેની કિંમત રૂા.૧,૧૦,૮૬૫ થવા જાય છે તે અનાજનો જથ્થો સ્ટોક કરતા વધુ પ્રમાણમાં માલુમ પડતા આ જથ્થો સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત મુજબ ઘાટવડ ગામના સસ્તા અનાજની દુકાનદારને ત્યાં ચેકિંગ કરવા જવાનું હોવા અંગે મહેશભાઈ મકવાણાને જિલ્લા પુરવઠા અધિકારી તથા નાયબ મામલતદાર કોડીનારનો ફોન આવતા અને તમારે પણ ત્યાં હાજર રહેવાનું જણાવતા મહેશભાઈ મકવાણા તથા તેને તેનો ગાર્ડ ઘાટવડ મુકામે પહોંચ્યા હતા. જ્યાં પ્રારંભમાં દુકાનદાર કલ્પેશભાઈ ગટેચાએ મહેશભાઈ મકવાણાને હપ્તો લેવા માટે ચેકિંગનું નાટક કરાવતો હોવાના ગંભીર આક્ષેપો કરતા સસ્તા અનાજના દુકાનદાર કલપેશ ગટેચા અને ગામના અગ્રણીઓની મહેશ મકવાણા સાથે તકરાર અને બોલાચાલી થતા બંને પક્ષ તરફથી પોલીસમાં એકબીજાની વિરૂધ્ધ અરજીઓ પણ આપવામાં આવી હતી. દરમ્યાન મહેશભાઈ મકવાણાએ વિસ્તૃત આધાર પુરાવા સાથે કોડીનાર કોર્ટમાં પણ ફરિયાદ દાખલ કરી હતી જે અનુસંધાને કોડીનાર નામદાર કોર્ટ દ્વારા મહેશભાઈની ફરિયાદના તમામ પુરાવાઓને ધ્યાને લઈ કલમ ૨૦૨ મુજબ મહેશભાઈ મકવાણાની ફરિયાદની તપાસ કરવા પોલીસને ઓર્ડર કર્યો હતો. જેમાં મહેશભાઈ મકવાણાએ પોતાના વિરૂધ્ધ કાવતરૂં થયું હોવાનું જણાવીને દુકાનદાર કલ્પેશભાઈ ગટેચા સહિત અન્ય પાંચ શખ્સો સામે આઈપીસી કલમ ૧૨૦(બી) ૧૧૪, ૫૦૦, ૫૦૧, તથા ૫૦૪ મુજબ ગુનો દાખલ કરવા કોર્ટમાં ફરિયાદ આપી દાખલ કરવાના તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# માંગરોળમાં આધારકાર્ડની કામગીરી ઝડપી બનાવવા આમ આદમી પાર્ટીની માંગણી

(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા. ૨૩

માંગરોળ શહેર અને તાલુકાની પ્રજાને અપુરતી વ્યવસ્થાને કારણે આધારકાર્ડ સંબંધિત કામગીરી માટે પડી રહેલી હાલાકી નિવારવા આમ આદમી પાર્ટી દ્વારા મામલતદારને રજુઆત કરી કીટની સંખ્યા વધારવા માંગણી કરી છે.

રજુઆતમાં જણાવ્યું હતું કે માંગરોળમાં મામલતદાર કચેરી ખાતે આધારકાર્ડ બનાવવા માટે ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે એકજ કીટ કાર્યરત છે. પરિણામે એક લાખની વસ્તીને આધારકાર્ડ બનાવવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જે કીટ કાર્યરત છે તેમાં આખા દિવસમાં ૩૦ વ્યકિતના આધારકાર્ડ બની શકે છે. જ્યારે કચેરીએ દરરોજ ૮૦ થી ૧૦૦ લોકોની લાઈન હોય છે. લોકો પોતાના વેપાર ધંધા, મજુરી મુકી બે, ત્રણ ધક્કા ખાય ત્યારે માંડ કામ પૂર્ણ થાય છે. આ ઉપરાંત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને પોસ્ટ ઓફિસે પણ એક એક કીટ કાર્યરત છે. પરંતુ ત્યાં પણ લોકોને મોટેભાગે ધક્કા જ થાય છે. ક્યારેક ઓપરેટર હોતા નથી તો ક્યારેક સર્વર ડાઉન હોવાની ફરીયાદો સાંભળવા મળે છે. લાંબા સમયથી લોકોને પડી રહેલી મુશ્કેલીઓ બાબતે અનેક રજુઆતો છતાં સમસ્યાનો ઉકેલ આવતો નથી. ત્યારે લોકોની મુશ્કેલી નિવારવા વધુ એક કીટ કાર્યરત કરવા માંગ કરી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ભરોસો છે, કેનેડા ગયેલાં છાત્રોનાં વાલીઓ ચિંતામુક્ત

આણંદ તા.૨૩

ભારતના કડક વલણ બાદ કેનેડાની ટ્રુડો સરકાર નરમ પડી છે. ખાલિસ્તાની આતંકી પન્નુની ભારતીયોને દેશ છોડવાની ધમકી મુદ્દે કેનેડાના પબ્લિક સેફ્ટી વિભાગે ટ્વીટ કરતા લખ્યુ કે, આક્રમકતા, નફરત, ધાક-ધમકી અને ભય ઉભો કરનારાને કેનેડામાં કોઈ સ્થાન નથી. ત્યારે ભારત-કેનેડાના સંબંધો વણસતાં ગુજરાતના અનેક પરિવારો ચિંતામાં મૂકાયા છે, કારણ કે તેમના સંતાનો કેનેડામાં છે. ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધ્યો છે તેને લઈને કેનેડામાં ભણતા સંતાનોની સુરક્ષાને લઈને ગુજરાતમાં રહેતા વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે. આણંદ જિલ્લામાંથી એક હજારથી વધુ વિદ્યાર્થીઓ કેનેડામાં સ્ટુડન્ટ વિઝા પર અભ્યાસ કરી રહ્યા છે. જ્યારે અનેક યુવાનો વર્કપરમીટ પર જોબ કરી રહ્યા છે. ત્યારે ભારત અને કેનેડા વચ્ચે વધી રહેલા તણાવને લઈને વાલીઓમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. જેને લઈને વાલીઓ દરરોજ કેનેડા વિડિઓ કોલ કરી પોતાના સંતાનોની સાથે વાત કરી ત્યાંની માહિતી મેળવી રહ્યાં છે.જોકે, કેનેડામાં અભ્યાસ કે જોબ કરતા યુવાનો હાલમાં કેનેડામાં કોઈ ચિંતાનો માહોલ નહીં હોવાનું જણાવી રહ્યા છે, જેને લઈને વાલીઓની ચિંતા પણ થોડી હળવી થઈ રહી છે. જો કે વાલીઓ દ્વારા તેઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વિશ્વાસ છે અને જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી કેનેડામાં એક પણ ભારતીયનો વાળ વાંકો નહિ થાય તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. આણંદના મિતુલ પટેલનો દીકરો કેનેડામાં રહે છે. છતા તેઓ પોતાના દીકરાનું ટેન્શન નથી લઈ રહ્યાં. તેમણે કહ્યું હતું કે, તેમનો પુત્ર પર્વ છેલ્લા સાડા ચાર વર્ષથી કેનેડાની રજાઈના સિટીમાં સ્ટુડન્ટ વિઝા પર રહે છે. ભારત કેનેડા વચ્ચે તણાવને લઈને સ્વાભાવિક રીતે જ માતા પિતા તરીકે તેઓને ચિંતા થાય છે. તેથી તેઓ દિવસમાં બે વાર વીડિયો કોલિંગથી પુત્ર પર્વ સાથે વાતચીત કરે છે, અને તેમના પુત્રનાં કહેવા અનુસાર હાલમાં કેનેડામાં સામાન્ય માહોલ છે, કોઈ ચિંતાની વાત નથી. જો કે મિતુલ પટેલ અને કિરણભાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી માત્ર મારો પુત્ર નહિ પણ એક પણ ભારતીયનો વાળ પણ વાંકો નહીં થાય. સમગ્ર રાજયમાં આવા અનેક વાલીઓ છે, જેમના સંતાનો કેનેડામાં વસે છે કે પછી અભ્યાસ કરે છે. તેઓ હવે એક જ પ્રાર્થના કરી રહ્યા છે કે જલ્દી ભારત અને કેનેડા વચ્ચેનો વિવાદ ઉકેલાઈ જાય. કેમ કે સંતાનને વિદેશ મોકલવા માટે પરિવારની મહેનત, લાખો રૂપિયા અને પરિવારનું ભવિષ્ય દાવ પર લાગેલા છે. કેનેડામાં વસતા ભારતીયો જ્યાં વિદ્યાર્થીઓને ચિંતા ન કરવાની સલાહ આપે છે, ત્યાં સાવચેત રહેવા પણ જણાવે છે. તેની પાછળનું કારણ છે કેનેડામાં પ્રવર્તતી અનિશ્ચિતતાની સ્થિતિ. જેમના સંતાનો કેનેડામાં અભ્યાસ માટે ગયા છે, તે સ્વાભાવિક રીતે જ ચિંતામાં છે. ત્યારે અમે એવા માતાપિતા સાથે વાત કરી, જેમના સંતાનો કેનેડામાં ભણી રહ્યા છે, અથવા નોકરી કરી રહ્યાં છે.

# ઉના નગરપાલિકા દ્વારા ૧.૫૦ કરોડથી વધુના ખર્ચે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખાતમુહુર્ત થશે

ઉના તા. ૨૩

છેલ્લા ૨૭ વર્ષથી ઉના નગરપાલિકામાં સંપુર્ણ બહુમતી સાથે સ્થિર શાસન આપતા ભારતીય જનતા પાર્ટીના હાલના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ ઉનાના નગરજનોને નગરપાલિકા દ્વારા મહાનગરોના હરોળની સુવિધા ઉપલબ્ધ કરેલ છે. ત્યારે ઉનાના નગરજનોને વધુ એક રમત-ગમત ક્ષેત્રની ઉચ્ચ સુવિધા ઉપલબ્ધ કરાવતા સ્પોર્ટસ કોમ્પલેક્ષનું નિર્માણ નગરપાલિકા દ્વારા થનાર છે. રૂા.૧.૬૨ કરોડના ખર્ચે શહેરના એમ.કે. પાર્ક, ઉમિયાધા મપાછળ નિર્માણ પામનાર આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખાતમુહુર્ત સમારોહ કાર્યશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદહસ્તે આગામી તા.૨૫-૯-૨૩ ને સોમવારના રોજ સવારે ૧૧ કલાકે યોજવામાં આવેલ છે. આ સ્પોર્ટસ સંકુલમાં ટેબલ ટેનીસ, કેરમ, ચેસ તથા આઉટ ડોર ગેમ્સમાં બાસ્કેટ બોલ, વોલીબોલ, ટેનીસ જેવી ગેમ્સ માટેની સુવિધા સાથે કસરતના સાધનો સાથેનું જીમ તથા ભવ્ય ગાર્ડનનું પણ નિર્માણ થનાર છે.

# અમદાવાદની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ટેબલ મીટનું આયોજન

## ૩,૦૦૦ દિવ્યાંગોને સશક્ત કરવા માટે કોર્પોરેટ સાથે ભાગીદારી કરી

અમદાવાદ,તા.૨૩

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝના સહયોગથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ 'સીએસઆર કામગીરી હેઠળ દિવ્યાંગો માટે ખાતરીપૂર્વકની આજીવિકાને સમર્થન, સક્રિયકરણ અને નિર્માણ (સબલ)' માટે કોર્પોરેટ્સ માટે એક રાઉન્ડ ટેબલ મીટનું આયોજન કર્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝના આઈએએસ સેક્રેટરી રાજેશ અગ્રવાલ, ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા, ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ (કોર્પોરેટ) ડો. રમણ ગુજરાલ તેમજ DEPwDના વરિષ્ઠ અધિકારીઓ તથા અગ્રણી કોર્પોરેટ સંસ્થાઓના સીએસઆર લીડર્સે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ 'મીટ'માં ૧,૫૦૦ ટેકનોલોજી સંચાલિત તથા ૧,૫૦૦ સામાન્ય સાહસો સહિત ૩,૦૦૦ નવા દિવ્યાંગ સાહસોની સ્થાપના સુનિશ્ચિત કરવા માટેના હસ્તક્ષેપો તેમજ પગલાં લેવા અને સમાજને સંવેદનશીલ બનાવવાનો એજન્ડા હાથ ધરવામાં આવ્યો હતો.આ મુખ્ય રાઉન્ડ ટેબલ મીટિંગમાં સરકાર, કોર્પોરેટ અને સંસ્થાઓ વચ્ચે અસરકારક સિનર્જી દ્વારા દિવ્યાંગો માટે વધુ સારી દુનિયા બનાવવા પર વિચારણા કરવામાં આવી હતી. ટકાઉ સાહસોના સર્જન દ્વારા દિવ્યાંગોનું સશક્તિકરણ, સમાજમાં તેમના સંપૂર્ણ સમાવેશને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર, ધારણા, માહોલ, સુરક્ષા અને અન્ય સુવિધાઓના સંદર્ભમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ બનાવવા, એકીકૃત કાર્યકારી માહોલને સુનિશ્ચિત કરવા માટે તરલ પદ્ધતિઓ, દિવ્યાંગો પોતાના સાહસો બનાવવા માટે ઝડપી શકે તેવી વ્યાપારી તકોની ઈન્વેન્ટરી નક્કી કરવી, પ્રોજેક્ટ અને તેના હસ્તક્ષેપોને ટકાઉ વિકાસના લક્ષ્યો સાથે સંરેખિત કરવા અને દિવ્યાંગોને ઓછા પગારની નોકરીઓ આપનારા સમાજના વ્યાવસાયિક વિભાજનને તોડવા જેવી બાબતો સુનિશ્ચિત કરવાના વિશિષ્ટ ઉદ્દેશ્યો પર આ ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી. નક્કર ચર્ચાઓ અને નિષ્કર્ષના આધારે, ચર્ચામાં ભાગ લેનાર કોર્પોરેટ્સે સહકારના કેટલાક પ્રાથમિક ક્ષેત્રોની ઓળખ કરી હતી. દિવ્યાંગોના નેતૃત્વ હેઠળના ૩,૦૦૦ સાહસો બનાવવાના ધ્યેયને હાંસલ કરવા માટે ઓળખવામાં આવેલી પ્રવૃત્તિઓમાં નીચે મુજબની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે: દિવ્યાંગોના સમુદાય એકીકરણને સુનિશ્ચિત કરવા માટે જાગૃતિ અભિયાન; વિકલાંગતા ધરાવતા કિશોરો માટે ઈમર્સિવ લાઈફ સ્કીલ્સ, દિવ્યાંગો માટે વ્યવસાયની તકો મેળવવી, દિવ્યાંગો માટે સેન્સિટાઈઝેશન વર્કશોપ, ક્રેડિટ લિંકેજ સપોર્ટ, દિવ્યાંગો દ્વારા ચલાવાતા સાહસોને મદદ પૂરી પાડવા માટે આંત્રપ્રિયોર ગ્રોથ-કમ-કાઉન્સેલિંગ પ્રોગ્રામ (ઈજીસીપી) અને બેરોજગાર દિવ્યાંગોને તેમનો વ્યવસાય સ્થાપિત કરવા સક્ષમ બનાવવા માટે માઈક્રો સ્કિલપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમએસડીપી). DEPwD ના સચિવ રાજેશ અગ્રવાલે તેમના વકતવ્યની શરૂઆત એવા સંદેશ સાથે કરી હતી કે ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે પરંતુ આજે દિવ્યાંગો સામે અનેક પડકારો છે. ભારતમાં, આપણું વલણ સર્વસમાવેશક છે પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ સમાવેશક નથી. તેમણે સહાય અને સહાયક ઉપકરણો પ્રદાન કરવા, અપસ્કિલિંગ, દિવ્યાંગોને લોન અને માર્ગદર્શન આપવા, 'ફૂલેબિલિટી ફેક્ટર'ને અનુસરીને નોકરીઓનું મેપિંગ, યોગ્ય રહેણાંક જગ્યા પ્રદાન કરવા, આરોગ્ય સમસ્યાઓ માટે રજાઓ પૂરી પાડવા અને કંપનીઓના ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં સંદેશ ફેલાવવા તથા દિવ્યાંગોની ભરતી કરવામાં સીએસઆર થકી ડોનેશન સહિતની વિવિધ પહેલ દ્વારા દિવ્યાંગજનોને ટેકો આપવા માટે વાતચીત શરૂ કરી. તેમણે દિવ્યાંગજન પ્રત્યે બહુધા સમાજના વલણમાં થતા ફેરફારો પર પણ ભાર મૂક્યો હતો. DEPwDના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ કિશોર બી. સુરવાડેએ દિવ્યાંગોના કૌશલ્ય વિકાસ માટે નેશનલ એક્શન પ્લાન, સહાયક ઉપકરણો, દિવ્યાંગજનોને શિષ્યવૃત્તિ અને પુનર્વસન સેવાઓ સહિત વિભાગની વિવિધ પહેલો અને યોજનાઓ વિશે વાત કરી હતી. દિવ્યાંગજનોના કૌશલ્ય અને રોજગાર માટે નવા શરૂ કરાયેલ DEPwD પીએમ દક્ષ પોર્ટલની વિશેષતાઓ સમજાવતો એક વીડિયો પણ રજૂ કરવામાં આવ્યો હતો. ડો. સુનીલ શુક્લાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, "આ સમય છે કે આપણે એક સમાજ તરીકે, સર્વસમાવેશક વિકાસ વિશે વિચારીએ જેમાં દિવ્યાંગોને સશક્ત બનાવવા એ આપણી પ્રાથમિકતા પર સર્વોચ્ચ સ્થાને હોવું જોઈએ. નિયમિત ધોરણે, આપણે ટકાઉ વેપારની તકો, અને સક્ષમ ઉદ્યોગસાહસિક સંભાવનાઓને ક્યુરેટ કરવાની જરૂર છે અને સાથે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે દિવ્યાંગો યોગ્ય રીતે પ્રશિક્ષિત થાય અને તેમને સાથ-સહકાર મળી રહે. દરેક સ્તરે સમાનતા અને સમાવેશને પ્રોત્સાહન આપવા માટે કામના સ્થળો અને સામાજિક માળખાના વિવિધ સ્તરો પર શ્રેષ્ઠ પ્રથાઓ સ્થાપિત કરવી પણ જરૂરી છે." કોર્પોરેટ દ્વારા દિવ્યાંગોને સશક્ત બનાવવા માટે હાથ ધરાયેલા વિવિધ પ્રોજેક્ટ્સની ચર્ચા કરતા ડો. રમણ ગુજરાલે જણાવ્યું હતું કે, ઈડીઆઈઆઈએ અત્યાર સુધીમાં ૨૬૬ સ્કીલ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ દ્વારા ૮,૫૩૩ દિવ્યાંગોને તાલીમ આપી છે, જેના કારણે ૧,૨૪૭ સાહસોની સ્થાપના થઈ છે. ઈડીઆઈઆઈ તેના કેમ્પસમાં સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ધ ડિફરન્ટલી એબલ્ડ (સીઈડીએ) ધરાવે છે જેને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સામાજિક સંરક્ષણ નિયામક, ગુજરાત રાજય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ દ્વારા સમર્થન મળેલું છે. કોન્ફરન્સ રૂમમાં ઉપસ્થિત અધિકારીઓ અને કોર્પોરેટ અગ્રણીઓ વચ્ચે વિચાર-મંથનનું સેશન યોજાયું હતું. એક કલાક લાંબી રાઉન્ડ ટેબલ ચર્ચામાં સુલભતા, સહાય અને સહાયક ઉપકરણો, દિવ્યાંગો માટે એઆઈ, જોબ મેપિંગ, ઉદ્યોગ સાહસિકતાની તકો અને વિકલાંગતા સંવેદનાને લગતા વિષયો સમાવિષ્ટ હતા.




# કેનેડાની ઈકોનોમી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઉપર નિર્ભર રહી છે

## જો બંને દેશો વચ્ચેના સંબંધો વધારે ખરાબ થશે તો ભારત વિદ્યાર્થીઓના કેનેડા જવા પર પ્રતિબંધ લગાવી શકે છે

નવી દિલ્હી, તા.૨૩

ભારત-કેનેડા વચ્ચે ઉભા થયેલો ગજગ્રાહ નવી ચરમસીમાએ પહોંચ્યો છે. ખાલિસ્તાની નેતાની હત્યાનો આરોપ ભારત સરકાર પર લગાવ્યા બાદ કેનેડા સાથેના ભારતના સંબંધો વણસી રહ્યાં છે. ખાલિસ્તાનને સમર્થન આપવા બદલ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની ભારે ટીકા થઈ રહી છે. આ વચ્ચે કેનેડામાં અભ્યાસ કરવા ગયેલા ભારતીય વિદ્યાર્થી અને તેમના માતા-પિતામાં ચિંતાનો માહોલ સર્જાયો છે. આ બધી બાબતોની વચ્ચે ભારતના હાથમાં કેનેડાની એ દૂખતી નસ છે, જેના પર ઈજા તેના માટે મોટી સમસ્યાઓ ઊભી કરી દેશે. કેનેડાની ઈકોનોમી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર નિર્ભર છે, આ કેનેડાની સૌથી મોટી નબળાઈ છે.

આ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં પણ સૌથી મોટી સંખ્યા ભારતીય વિદ્યાર્થીઓની છે, જેઓ ત્યાંની ખાનગી યુનિવર્સિટીઓને તગડી ફી ચૂકવીને મોટી આર્થિક મદદ કરી રહ્યા છે. વાસ્તવમાં ભારતને પણ ખ્યાલ છે કે તે કેનેડાના મામલામાં મજબૂત મોટા પગલાં ભરવાની સ્થિતિમાં છે. જો ભારત આ મામલે નિર્ણય લેશે તો કેનેડાના શ્વાસ અધ્ધર થઈ જશે. જો બંને દેશો વચ્ચેના સંબંધો વધારે ખરાબ થશે તો ભારત વિદ્યાર્થીઓના કેનેડા જવા પર પ્રતિબંધ લગાવી શકે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો આવું થાય તો કેનેડાની એવી ખાનગી યુનિવર્સિટીઓ કે જેમને સરકાર તરફથી મદદ નથી, તેના પાટીયા પડી શકે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દર વર્ષે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કેનેડિયન અર્થતંત્રમાં ૩૦ બિલિયન ડોલરનું યોગદાન આપે છે. જો ભારત પોતાના વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ લાદશે તો આ સેક્ટર માટે આ એક મોટો ફટકો હશે. એટલું જ નહીં અહીં વિવિધ વિસ્તારોમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ રૂમના ભાડાના રૂપમાં ઘણું યોગદાન આપે છે.

તમને જણાવી દઈએ કે, કેનેડાના ઓડિટર-જનરલ બોની લિસિક પૈસાના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર નિર્ભરતાના જોખમોને ગણાવી ચૂક્યા છે. ૨૦૨૧ના રિપોર્ટમાં તેમણે કહ્યું કે, આ સરકારના નિયંત્રણની બહાર છે. રિપોર્ટમાં જણાવાયું છે કે જો કેટલાક દેશોના વિદ્યાર્થીઓ કેનેડામાં પ્રવેશવામાં અસમર્થ થાય છે તો આવકમાં અચાનક અને મોટા પાયે નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં કલ્પના કરી શકાય છે કે જે દેશમાં ૪૦ ટકા વિદ્યાર્થીઓ છે તે તેના વિદ્યાર્થીઓને રોકે તો શું થશે. કેનેડા સરકારના આંકડા અનુસાર ૨૦૨૨માં કેનેડામાં ૫.૫ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માંથી ૨.૨૬ લાખ ભારતના હતા. અને ૩.૨ લાખ ભારતીયો કેનેડામાં સ્ટુડન્ટ વિઝા પર રહેતા હતા અને તેની અર્થવ્યવસ્થાને મદદ કરી રહ્યા હતા. તાજેતરમાં જ કેટલાક આંતરરાષ્ટ્રીય આર્ટિકલ્સમાં પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં લખ્યું હતું કે ભારત અને કેનેડા વચ્ચે વધતા તણાવને કારણે ત્યાં અભ્યાસ માટે જનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે.

કેનેડા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ અહીં આવતા કુલ આઠ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ઓમાંથી ૪૦ ટકા ભારતીયો છે. કેનેડિયન વિદ્યાર્થીઓ જેટલી ફી ચૂકવે છે, તેના કરતાં ભારતીય વિદ્યાર્થીઓ ત્રણથી પાંચ ગણી વધુ ફી ચૂકવે છે. જો જોવામાં આવે તો કેનેડામાં ખાનગી યુનિવર્સિટીઓની ઈકોસિસ્ટમ સંપૂર્ણપણે ભારતીય વિદ્યાર્થીઓ પર નિર્ભર છે. જો ભારત તેના વિદ્યાર્થીઓને કેનેડા જવા પર પ્રતિબંધ મૂકશે તો તે સંપૂર્ણપણે તૂટી જશે.

# ગૂગલ મેપને ફોલો કરતો માણસ તૂટેલા પુલ પરથી કાર લઈને નદીમાં પડ્યો

ન્યૂયોર્ક, તા.૨૩ : ગૂગલ મેપ્સ દ્વારા ખોટી દિશા બતાવતા પુલ પરથી પડીને મૃત્યુ પામેલા વ્યક્તિની પત્નીએ હવે ગૂગલને કોર્ટમાં ખેંચી છે. અમેરિકાના નોર્થ કેરોલિનામાં રહેતી એક મહિલાનો આરોપ છે કે તૂટેલા પુલ વિશે ગૂગલને વારંવાર જાણ કરવા છતાં કંપનીએ તે પુલને ગૂગલ મેપ્સ પર ટ્રાફિક માટે યોગ્ય જાહેર કર્યો હતો. ગૂગલ મેપ્સ દ્વારા આપવામાં આવેલી ખોટી માહિતીને કારણે તેના પતિએ બ્રિજ પર કાર હંકારી હતી અને બ્રિજ તૂટી જવાને કારણે તે નીચે પડી ગયો હતો અને પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. નોર્થ કેરોલિનામાં રહેતો ફિલિપ પેક્સન ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અકસ્માતનો ભોગ બન્યો હતો. યુએસ નેવીમાંથી નિવૃત્ત થયેલા પેક્સન મેડિકલ સાધનો વેચતા હતા. તેમના મૃત્યુના લાંબા સમય પછી પણ, Google Mapsએ હજુ પણ તે તૂટેલા પુલ અંગેની માહિતી સુધારી નથી. તેનાથી નિરાશ થઈને તેની પત્ની એલિસિયાએ હવે ગૂગલ પર કેસ કર્યો છે. એલિસિયાએ જણાવ્યું કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેની પુત્રી અને તેના પતિના મિત્રની પુત્રીનો જન્મદિવસ હતો. બંને મિત્રોએ તેમની દીકરીનો જન્મદિવસ સાથે મનાવ્યો હતો. જન્મદિવસની પાર્ટી પૂરી થયા બાદ એલિસિયા બાળકો સાથે ઘરે આવી હતી. પૅક્સન અમુક કામમાં પાછળ રહી ગયો. તેઓ રાત્રે કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વરસાદ શરૂ થયો હતો. રસ્તો સ્પષ્ટ દેખાતો ન હોવાથી તેણે ગૂગલ મેપ્સની મદદ લીધી. ગૂગલ મેપ્સ દ્વારા દર્શાવવામાં આવેલા રૂટમાં તૂટેલા પુલનો પણ સમાવેશ થાય છે. ગૂગલ મેપ્સે આ બ્રિજને ઓપરેશનલ બતાવ્યો હતો. ગૂગલ મેપ્સ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે પેક્સને કારને બ્રિજ પર હંકારી હતી. પુલ તૂટવાને કારણે પેક્સન તેની કાર સાથે લગભગ ૨૦ ફૂટ નીચે પાણીમાં પડી ગયો હતો અને ડૂબી જવાથી તેનું મોત થયું હતું. એલિસિયાનો આરોપ છે કે આ પુલ વર્ષ ૨૦૨૦ થી તૂટી ગયો છે. ગૂગલ મેપ્સના ઘણા યુઝર્સે પણ આ અંગે ગૂગલને જાણ કરી છે. તેમ છતાં, ગૂગલ મેપ્સ ડ્રાઈવરોને આ બ્રિજ તરફ મોકલી રહ્યું છે. આ પુલ પર કોઈ બેરિકેડીંગ નથી. જેના કારણે અહીં હંમેશા અકસ્માત થવાની સંભાવના રહે છે. એલિસિયા કહે છે કે તેના પતિના મૃત્યુ પછી તેણે ગૂગલને આ ખતરનાક પુલ વિશે જણાવ્યું. પરંતુ કંપનીએ આ તરફ કોઈ ધ્યાન આપ્યું ન હતું. તે જ સમયે, ગૂગલના પ્રવક્તાનું કહેવું છે કે અમને પેક્સન પરિવાર સાથે સંપૂર્ણ સહાનુભૂતિ છે.

# જૂનાગઢમાં કોલેજ રોડ ઉપર સ્કુલ છુટવાના સમયે ટ્રાફીક જામની સ્થિતી

## દરરોજ સર્જાતી આ પરિસ્થિતીમાંથી ઉકેલ લાવવા લોકોની માંગણી



જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરની ટ્રાફીક સમસ્યા કોઈ નવી વાત નથી. આ સમસ્યાથી ત્રસ્ત શહેરીજનો મુશ્કેલીભરી પરિસ્થિતીનો રોજ સામનો કરી રહયા છે. ખાડાવાળા શહેરના રાજમાર્ગો અને તેની સાથેજ ચકાચક ટ્રાફીકની સમસ્યા જેનો કોઈ ઉકેલ આવતો નથી. જાગૃત નાગરીકો, આગેવાનો, સબંધંત તંત્રની ટ્રાફીક માટે બેઠકો અવાર-નવાર મળે છે. સુચનોની આપલે થાય છે પરંતુ સચોટ ઉપાય આજ દિવસ સુધી હાથ લાગ્યો નથી. ટ્રાફીક સમસ્યાના અજગર ભરડામાં સપડાયેલી જનતાની વધુ એક ટ્રાફીકને લગતી સમસ્યા સામે આવી છે. આ અંગે મળતી વિગતો અનુસાર જૂનાગઢના હાર્દ સમો માર્ગ એટલે કોલેજ રોડ ગણાય છે. સરદાર ચોકથી લઈ ભુતનાથ ફાટક, બહાઉદીન કોલેજ, હાજીયાણી બાગ, ઈન્દિરા ગાંધી સર્કલ, મોતીબાગ, ટીંબાવાડી રોડ અને ટીંબાવાડી ગેઈટ સુધીના આ માર્ગ ઉપર પગપાળા જતા લોકો, સ્કુટરથીલઈ મોટા હેવી વાહનો, એસટી બસ, સ્કુલ વાહનો ઉપરાંત બહારગામથી આવતા ફોર વ્હીલર સહિતના વાહનો સતત અવર-જવર કરતના હોય છે. આ વાહનોની વણજાર વચ્ચે બપોરના સમયે એટલે કે ૧૨ વાગ્યાથી ૧ વાગ્યા સુધી પરિસ્થિતી એટલી હદે વણસી જાય છે કે, વાત ન પુછો એકતરફ વિવિધ સ્કુલોના વિદ્યાર્થીઓ સ્કુલ છુટે એટલે ઘર તરફ પ્રયાણ કરતા હોય, કામ-ધંધે ગયેલા લોકો બપોરના સમયે ઘરે આવતા હોય તો સાથે જ ચારે દિશામાંથી આવતા નાના મોટા વાહનોનો પ્રવાહ એક મોટો ગુંચવાડો એટલે કે રસ્તામાં ટ્રાફીક જામની સ્થિતી સર્જી દે છે. ૧૨ થી ૧ વાગ્યા સુધી આ વિસ્તારમાં વાહનોનો જમેલો રહે છે. આ એક દિવસનું નથી. કાયમી સમસ્યા છે અને આ સમસ્યાનો ઉકેલ કઈ રીતે આવે તેવો સવાલ આજે સર્વત્ર ચર્ચાનો વિષય બનેલો છે. જૂનાગઢ શહેરની હાલની સ્થિતી એવી છે કે, શહેરના મુખ્ય માર્ગો ઉપર ટ્રાફીકની કાયમી સમસ્યા રહેલી છે જ. ટ્રાફીકને લગતા સુચનો આવે પરંતુ તેની અમલવારી કરવામાં પણ ભૌગોલિકસ્થિતી બધારૂપ બની રહી હોવાનું ચર્ચાય છે.

જૂનાગઢ શહેર હાલ ખાડાનગરમાં ફેરવાઈ ગયું છે મહોલ્લાઓ કે સોસાયટી વિસ્તારોના રસ્તાઓનું નવીનીકરણ કરવું પડે તેમ છે. એકતરફ ટ્રાફીક સમસ્યા અને ખાડાઓ વાળા રસ્તા ઉપર પસાર થવું એટલે અકસ્માતના જોખમની લટકતી તલવાર વચ્ચે પસાર થવું પડે છે. ત્યારે આ માર્ગો ઉપર કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી ઉઠવા પામી છે.

# અંબાજી ખાતે આજથી ભાદરવી પૂનમનાં મહા મેળાનો પ્રારંભ



અંબાજી તા.૨૩ : શકિતપીઠ અંબાજી ખાતે આજે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ થયો છે. માં અંબાના આશીર્વાદ લેવા પદયાત્રા કરી અંદાજે ૩૦ લાખથી વધુ માઈભકતોની સુરક્ષા-સુવિધા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી તા.૨૯ સપ્ટેમ્બર સુધી ચાલનાર ભાદરવી પૂનમના મેળા ભણી આવતા પદયાત્રીઓ તેમજ સંઘોની સુવિધા માટે વિવિધ માર્ગો પર સેવા કેમ્પો પણ કાર્યરત થયા છે.

# જૂનાગઢમાં શીંદે પરિવાર દ્વારા આયોજીત ગણપતિ ઉત્સવમાં આરતીનો લ્હાવો લેતા તંત્રી અભિજીત ઉપાધ્યાય





જૂનાગઢ તા.૨૩

દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢ શહેરમાં શિંદે પરિવાર દ્વારા ગણેશ ઉત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી રહી છે. શીંદે પરિવાર દ્વારા જનતા દળનો ડેલો, ચિતાખાના ચોક, જૂનાગઢ ખાતે ગત તા.૧૯-૯-૨૩ને મંગળવારે સવારે ૧૧ કલાકે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી અને રોજે-રોજ સવારે ૯:૩૦ કલાકે અને સાંજે ૮ કલાકે આરતી સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહેલ છે. શીંદે પરિવાર દ્વારા ગણપતિ ઉત્સવની ઉત્સાહભેર અને ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આરતીનો લાભ વિવિધ ક્ષેત્રના અગ્રણી, મહાનુભાવો જી.પી. કાઠી, કે.ડી. પંડયા, રેલ્વે મજદુર સંઘનાં સેક્રેટરી ડી.સી. પેરાણી ઉપસ્થિત રહયા હતા. શિંદે પરિવાર દ્વારા આયોજીત ગણપતિ ઉત્સવમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્ર અભિજીત ઉપાધ્યાયએ ખાસ ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો.

# જૂનાગઢમાં અજાણ્યા શખ્સોએ માર મારી રૂા.૪૧૦૦ની લુંટ કરી : ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં ગઈકાલે દિવાન ચોકથી નીચે ઉતરતા માલીવાડા રોડ ઉપર પીતળની મૂર્તિઓની દુકાનની સામે બનેલા એક બનાવમાં મોટરસાઈકલ ઉપર આવેલા બે અજાણ્યા શખ્સોએ ખરીદી કરવા આવેલા એક યુવાનને માર મારી અને રૂા.૪૧૦૦ની લુંટ કરી નાસી ગયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર રોહિતભાઈ રાજેન્દ્રભાઈ સોનકર(ઉ.વ.૨૧) (રહે. હાલ જૂનાગઢ, દોલતપરા, સાબલપુર ચોકડી નજીક વાળા)એ મોટરસાઈકલ નંબર જીજે-૧૧-બીકે-૩૯૨૭ ઉપર આવેલા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદ ચાલીને ખરીદી કરવા માટે જતા હતા ત્યારે માલીવાડા રોડ ઉપર પહોંચતા આ કામના આરોપીઓ મોટરસાઈકલ રજી. નંબર જીજે-૧૧-બીકે-૩૯૨૭માં આવી મોટરસાઈકલ ઉભી રાખી અને ફરિયાદી તથા સાહેદ તેમની પાસે પહોંચતા મોટરસાઈકલ ચાલકએ ફરિયાદીનો કાઠલો પકડી જેમ ફાવે તેમ ગાળો આપી દરમ્યાન અન્ય ઈસમ પણ આવી જઈ બંનેએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારતા તેમની મોટરસાઈકલમાં વચ્ચે બેસાડી અપહરણ કરી થોડે દુર આગળ ગલીઓમાં લઈ જઈ મોટરસાઈકલ રોકી ફરિયાદીને ઉતારી ફરિયાદીના ખીસ્સામાંથી પાકીટ કાઢી તેમાંથી રોકડા રૂા.૪૧૦૦ કાઢી લુંટ કરી જતા મારી નાખવાની ધમકી આપી નાસી જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી અને વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં અપમૃત્યના બનાવો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢના લીરબાઈપરા વિસ્તારમાં રામચોક નજીક રહેતા વનરાજભાઈ નાનાજીભાઈ ડેડાણીયા (ઉ.વ.૩૧)ને છેલ્લા બે વર્ષથી હરસ-મસા અને પેશાબમાં બળતરાની બિમારી હોય જેનાથી કંટાળી પોતાની મેળે ચુંદડીનો ગાળીયો બનાવી ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ થયું છે. સી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત જૂનાગઢ તાલુકાના વીજાપુર ગામે શાંતિબેન લખમણભાઈ કેશવાલાએ કોઈપણ કારણસર ભુલથી પોતાની જાતે ઝેરી દવા પી જતા રાજકોટ ખાતે સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયું છે. આ ઉપરાંત મેંદરડાના રમેશભાઈ કાંતીલાલ શાહ મેંદરડા ખાતે આવેલ શ્રી રાધાબા ખુંડીયા સ્વામી આશ્રમમાં વૃધ્ધાશ્રમમાં રહેતા હોય અને શ્વાસની બિમારી સબબ સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે. આ ઉપરાંત કેશોદ તાલુકાના પીપળી ગામે રહેતા કોમલબેન ડો/-ઓ નારશીભાઈ રાવલીયા(ઉ.વ.૨૬) કોઈપણ અગમ્યકારણોસર પોતાની મેળે પોતાના ઘરે ઝેરી દવા પી જતા તેમનું મૃત્યું થયું છે. આ ઉપરાંત કેશોદના ઈન્દીરાનગર આગળ ભરડીયાવાળા વિસ્તાર નજીક રહેતા અંજલીબેન ડો/ઓ રાજુભાઈ કુવરીયા(ઉ.વ.૧૨) ખાણમાં પાડીના ખાડામાં કપડા ધોવા જતા પગ લપસી જતા પાણીમાં ડુબી જવાથી તેનું મૃત્યું થયું છે.

આ ઉપરાંત માણાવદર પાવરહાઉસ પાસે વૃંદાવન એપાર્ટમેન્ટમાં રહેતા ભારતીબેન રાજેશભાઈ કનેરીયા (ઉ.વ.૪૫) પોતાના ઘરે એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી પડી જતા તેનું મૃત્યું થયું છે. માણાવદર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં બે અજાણ્યા શખ્સોએ ચાંદીના બે સીક્કા આપી રૂા.અડધો લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં બસ સ્ટેશન પાસે પટેલ રેસ્ટોરન્ટની નજીક બનેલા એક બનાવમાં એક મહિલાને બે અજાણ્યા શખ્સોએ ચાંદીના બે સીક્કા આપી અને રૂા.૫૦ હજાર લઈ છેતરપિંડી કર્યાનો બનાવ સામે આવતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે સોનલબેન લલીતભાઈ ચાવડા(ઉ.વ.૩૮) રહે.રામૈયા, હનુમાન વિસ્તાર, મહેક ટેલીકોમની બાજુમાં, જેતપુર, નવાગઢ વાળાએ મો.નં.૯૫૧૯૨૮૪૯૭૨ વાળો શખ્સ તથા અજાણ્યા એક શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદી મહિલાને અમે અનાથ આશ્રમના બાળકો છીએ અને અમોને અમદાવાદ ખાતેથી સોના-ચાંદીના દાગીના મળેલ છે. જે દાગીના તમો જોઈ લો પછી પૈસા બાબતે નક્કી કરીશું તેમ કહી ફરી તા.૧૮-૯-૨૦૨૩ના રોજ જૂનાગઢ બસ સ્ટેશન ખાતે આવેલ અને આ કામના બંને અજાણ્યા આરોપીઓએ ફરિયાદીને ચાંદીના બે સીક્કા આપી અને ફરિયાદી પાસેથી રૂા.૫૦ હજાર લઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માળીયા હાટીના પીખોર ગામે તથા ભેંસાણ પંથકમાં જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

માળીયા હાટીના પોલીસે પીખોર ગામે જુગાર અંગે દરોડો પાડતા ત્રણ મહિલા સહિત ૧૨ને રૂા.૪૫,૫૬૦ની રોકડ મુદ્દામાલ સાથે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ઝડપી લીધેલ છે. જયારે ભેંસાણ પોલીસે બે મહિલા સહિત ચારને જાહેરમાં જુગાર રમતા રૂા.૯૫૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ૐ નેચર ક્યોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.


દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



LiFE



શ્રી નરેન્દ્રભાઈ મોદી

માનનીય વડાપ્રધાન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી

રમશે ગુજરાત... જીતશે ગુજરાત...

ખેલ મહાકુંભ 2.0

૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩થી રજિસ્ટ્રેશન શરૂ

તાલુકા કક્ષાએ વિજેતા ખેલાડીઓને પણ રોકડ-પુરસ્કાર

દરેક વયજૂથમાં ખેલાડીઓને સમાન રોકડ-પુરસ્કાર

સમગ્ર વર્ષ દરમ્યાન સ્પર્ધાઓનું આયોજન

દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ સ્પે. ખેલ મહાકુંભનું આયોજન

"ઊર્જા, ઉમંગ અને ઉત્સાહના ત્રિવેણી સંગમનો પર્યાય છે "ખેલ મહાકુંભ" પોતાની મહેનત, કૌશલ્ય અને પરિશ્રમ દ્વારા રમતગમત ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપિત કરવા ખેલાડીઓ, થઈ જાઓ તૈયાર, કારણ કે, આવી રહ્યો છે ખેલ મહાકુંભ."

- શ્રી હર્ષભાઈ સંઘવી

માનનીય મંત્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત

ઓનલાઇન રજિસ્ટ્રેશન તથા વધુ વિગતો માટે

વેબસાઈટ : https://khelmahakumbh.gujarat.gov.in | ટોલ ફ્રી : ૧૮૦૦ ૨૭૪ ૬૧૫૧

સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત,

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર